**સુવિચાર**
પ્રતિક્રમણ એટલે કરેલા અથવા જાણે અજાણે થયેલા પાપોનું પ્રાયશ્ચિત કરવું, માફી માંગવી.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૪/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૨ વર્ષ : ૧૫ અંક : ૧૧૩

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
>>> હૃદયરોગ - બીપી
>>> શ્વાસ - દમ - ન્યુમોનિયા
>>> પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
>>> ઝેરીદવા - સર્પદંશ
>>> ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦

## લોકસભાની ચૂંટણીને માત્ર ૧૨ દિવસ જ બાકી રહ્યા હોય

# અમરેલી લોકસભા વિસ્તારનાં મતદારોમાં ઉત્સાહની કમી

**જિલ્લાનાં ચૂંટણી વિભાગ દ્વારા મતદાનનાં વધારા માટે ઠેકઠેકાણે જાગૃતિ અભિયાન શરૂ થયું**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં મતદાન ઓછું થાય, મતદારો નિરૂત્સાહ બને તે બાબતે ચિંતાજનક**

**રાજકીય પક્ષોનાં પદાધિકારીઓ મતદારોથી વિમુખ બન્યા હોય તો જ મતદારો નિરૂત્સાહ બની શકે**

**મતદારોની અપેક્ષા પૂર્ણ કરવામાં જન પ્રતિનિધિઓ ઉણા ઉતરી રહ્યા છે તે પણ હકીકત છે**

અમરેલી, તા. ૨૪

અમરેલી લોકસભા વિસ્તારની ચૂંટણીને હવે ગણતરીનાં ૧૨ દિવસો જ બાકી રહ્યા હોવા છતાં કયાંય ચૂંટણીને લઈને ઉત્સાહ જોવા મળતો નથી. મતદારોને કોઈ પક્ષ કે કોઈ ઉમેદવારમાં રસ હોય તેવું જોવા મળતું નથી. અમુક જાગૃત્ત નાગરિકો એમ પણ કહે છે કે ગમે તે પક્ષનાં ગમે તે વ્યકિત સાંસદ બને તો તે અમરેલીનો વિકાસ કરતાં પોતાનો વિકાસ કરવામાં જ રચ્યા પચ્યા રહેશે તેટલી હદે મતદારોમાં નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે.

અમરેલી લોકસભા વિસ્તારનાં ૧૭ લાખ જેટલા મતદારોએ દરેક પક્ષનાં જુદા–જુદા ઉમેદવારને સાંસદ બનાવીને દેશની સૌથી મોટી પંચાયત ગણાતી પાર્લામેન્ટમાં મોકલ્યા બદલામાં અમરેલીને વિકાસનાં કોઈ ફળ ચાખવા મળ્યા નથી. અમરેલી શહેર એ જિલ્લાનું મુખ્ય મથક છે જયાં બ્રોડગેજ રેલ્વે નથી, કેન્દ્રીય વિદ્યાલય નથી, ફરવાલાયક સ્થળો નથી, હજારો યુવાનોને રોજગાર આપી શકે તેવા ઉદ્યોગો નથી, નિયમિત પાણી મળતું નથી, શહેરમાં રખડતા પશુઓની સમસ્યાનું નિરાકરણ થતું નથી, ગંદકીનો માહોલ જોવા મળે છે, સરકારી શાળાઓ અને દવાખાનાની દયનીય હાલત છે, સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર ખદબદે છે, સારી બસ સેવા નથી, અનેક સમસ્યાઓથી ચિંતિ બનીને અનેક યુવાનો અને પરિવારો અન્ય શહેર તરફ સ્થળાંતર કરી રહ્યા છે અને

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ૨૯ વર્ષની વયનાં યુવકે કૂવામાં ઝંપલાવ્યું કે અકસ્માતે કૂવામાં પડયા તેની તપાસ શરૂ

# અરેરાટી : કુંકાવાવનાં લાખાપાદર ગામની વાડીનાં ૮૦ ફૂડ ઊંડા કૂવામાં યુવા વયની વ્યકિતનું ડૂબી જવાથી મોત

**અમરેલી ફાયર ટીમે ચિમાભાઈ કનાસિયાનો મૃતદેહ બહાર કાઢયો**



અમરેલી, તા. ૨૪

કુંકાવાવનાં લાખાપાદર ગામનાં ૮૦ ફૂટ ઊંડા કૂવામાંથી એક યુવકનો મૃતદેહ મળી આવતાં અરેરાટીનો માહોલ છવાયો છે.

વિગત એવા પ્રકારની છે કે, લાખાપાદર ગામે આવેલ વાડીનાં ૮૦ ફૂટ કૂવામાં મૃતદેહ હોવાની બાતમી અમરેલી ફાયર ટીમને મળતાં ફાયર અધિકારી એચ.સી. ગઢવીની રાહબરીમાં ફાયર ટીમનાં હિંમતભાઈ બાંભણીયા, સવજીભાઈ ડાભી, કૃષ્ણભાઈ ઓળકીયા, સાગરભાઈ પુરોહિત વિગેરેએ ૨ કલાકની જહેમત બાદ ચિમાભાઈ કનાસિયા (ઉ.વ. ૨૯)નો મૃતદેહ બહાર કાઢેલ છે.

સ્થાનિક પોલીસે યુવકનું મોત કયાં કારણોસર થયું તેની પ્રાથમિક તપાસ શરૂ કરેલ છે.

આસ્થા હોસ્પિટલ હવે થી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર
હોસ્પિટલ માં નિયમીત ઓપીડી સમય તથા ઈમરજન્સી માં ૨૪×૭ કલાક મળશે.
નોંધ- ડો.અશોક એન. પરમાર ના કન્સલ્ટીગ ફી માં કંઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી.
આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો
(૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૮૨૮/૩૫૪૪૪૪
મો.૯૬૩૮૫ ૩૮૫૦૫/૯૪૨૪૪ ૮૨૦૦૦/૯૪૨૪૪ ૮૩૦૦૦

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
હૃદયરોગ નિષ્ણાંત
હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં મળશે
દર મહિનાના ચોથા ગુરૂવારે
તા : 25/04/2024
બપોરે 1 થી 2
9978966629, 9512015846
Nct campus,ગોળ હોસ્પિટલ
www.ncthospitalamreli.com
ડો. અભિષેક રાવલ

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

લગ્ન ગ્રંથીથી જોડાશે
( નિકાહ )
બગસરાના સામાજિક અગ્રણી સ્વ.અજિજભાઈ જુસબભાઈ પારેખનાં પૌત્ર અને ફરજાનાબેન તથા અલ્તાફભાઈ પારેખ (બગસરા)નાં સુપુત્ર ચિ.સકીલનાં શુભ લગ્ન (નિકાહ) શબાનાબેન અને આસીફભાઈ અલ્યાણી (રાજકોટ)ની પુત્રી ચિ.સોફિયા સાથે તા.૨૮ એપ્રિલ, રવિવારે લગ્નગ્રંથી (નિકાહ)થી જોડાશે.
સકીલ પારેખ - બગસરા
:: ભોજન સમારંભ::
૨૬-એપ્રિલ, શુક્રવારે
સ્થળ: વાંઝાવાડી પાર્ટી પ્લોટ, પોલીસ સ્ટેશન રોડ, બગસરા
સમય : સાંજે ૭ કલાકે
હલ્દી સેરેમની : ૨૭ એપ્રિલ, શનિવારે,
સ્થળ: એશિયાટીક પ્રાઈડ રીસોર્ટ, ચલાલા-ધારી રોડ ખાતે,
સમય : સાંજે ૪:૩૦ કલાકે
નિમંત્રક
અલ્તાફભાઈ અજીજભાઈ પારેખ
અકીલ અલ્તાફભાઈ પારેખ - બગસરા
:: નિકાહ ::
તા.૨૮ એપ્રિલ, રવિવારે
સ્થળ : હવા મસ્જીદ, શેરી નં.૧, રાજકોટ
સમય : સાંજે ૫:૩૦ કલાકે

# અમરેલી ખાતે ઈન્ડિયા ગઠબંધનનાં લોકસભાનાં ચૂંટણી કાર્યાલયનો દબદબાભેર પ્રારંભ



અમરેલી સંસદીય મત વિસ્તાર અમરેલી જિલ્લો અને મહુવા–ગારીયાધાર વિસ્તારમાં કોંગ્રેસના શિક્ષિત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના અમરેલી શહેરના ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ ભગવાન સત્ય નારાયણની કથા દ્વારા કરવામાં આવ્યો હતો. અમરેલી લોકસભા ઈન્ડીયા ગઠબંધનના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના અમરેલી શહેર કાર્યાલયનો પ્રારંભ સવારે ૯ કલાકે ભગવાન સત્ય નારાયણની કથાથી કરવામાં આવ્યો હતો. આ તકે અમરેલી જિલ્લામાંથી વિશાળ સંખ્યામાં દરેક સમાજના આગેવાન અને ઈન્ડીયા ગઠબંધના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યુ હતુ કે, અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષે ગુજરાત સહિત દેશભરમાં શિક્ષિત ઉમેદવારો આપ્યા છે ત્યારે જેનીબેન ઠુમ્મર શિક્ષિત તો છે જ પરંતુ તેઓ જિલ્લા પંચાયતના સૌથી સફળ પ્રમુખ પણ રહ્યા છે ત્યારે આવા સમક્ષ ઉમેદવારોને આપણે જંગી લીડથી જીતાડવાના છે. આ તકે આગેવાનોએ જણાવ્યુ કે જેનીબેન ઠુમ્મર મહિલા આગેવાન છે ત્યારે સામાપક્ષના લોકોએ ઘણા પ્રયાસો કર્યા તેમનું ફોર્મ રદ કરવાના કારણ કે તેમને બહેનોની ભાગીદારી ગમતી નથી માત્ર મહિલા વિકાસની વાતો કરે છે. આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મર, ધારાસભ્ય સુધીરભાઈ વાઘાણી ગારીયાધાર, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ કલસરિયા મહુવા, કાંતિભાઈ સતાસીયા–બગસરા, ટીકુભાઈ વરૂ, જીતુભાઈ અડતાલાવાળા, ધર્મેશભાઈ પાનસુરીયા, મનિષભાઈ ભંડેરી, સત્યમ મકાણી, દિનેશભાઈ ભંડેરી, ભરતભાઈ હપાણી, સુરેશભાઈ કોટડીયા, હાર્દિકભાઈ કાનાણી, ભરતભાઈ ગીડા, તાલુકા કોંગ્રેસ પ્રમુખો, કોંગ્રેસ પક્ષના તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતાઓ, નગરપાલિકા તાલુકા પંચાયત જિલ્લા પંચાયત સભ્યો, પૂર્વ સભ્ય, જુદા જુદા કોંગ્રેસ પક્ષના સેલ સંસદી મતવિસ્તાર, મહુવા– ગારીયાધાર વિસ્તારના મહત્વના અગ્રણીઓ સહિત વિશાળ સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### બાતમીનાં આધારે પોલીસે દરોડો પાડયો

## દામનગરમાં રાજુભાઈ નારોલાનાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

### વિદેશી દારૂની અર્ધો ડઝન બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૨૪

દામનગર ગામે આવેલ ઉંડપા શેરીમાં રહેતા રાજુભાઈ ભીખાભાઈ નારોલાએ પોતાના રહેણાંક મકાને ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૭૫૦ મી.લી. કંપની રીંગપેક બોટલો નંગ–૬ કિંમત રૂા.૧૯૨૦નો રાખેલ હોવાની બાતમી પોલીસને મળતાં પોલીસે દરોડો પાડી મુદામાલ સાથે આરોપીને ઝડપી પાડેલ છે.

### અયોધ્યા રામ મંદિર નિર્માણમાં જેમનું બહુમુલ્ય યોગદાન રહ્યું છે તેવા

## જગદગુરુ રામભદ્રાચાર્ય વિરચિત ભૃંગદૂત કાવ્ય ઉપર સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. થયાં

### અમરેલીની મહિલા કોલેજમાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલે માર્ગદર્શન આપેલ

અમરેલી, તા. ૨૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંસ્કૃત વિષયનાં શોધછાત્ર ઝાલા યુવરાજસિંહ ઉપેન્દ્રસિંહ (મૂળગામ અડવાળ,હાલ હળવદ) દ્વારા માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ– અમરેલી ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. બલભદ્રસિંહ આર. ચુડાસમાના માર્ગદર્શનમાં સંસ્કૃત વિષયમાં ''જગદ્ગુરુ રામભદ્રાચાર્ય વિરચિત ભૃંગદૂત કાવ્ય– એક અધ્યયન'' એ શીર્ષકથી ખૂબ તલસ્પર્શી અભ્યાસ કરી પીએચ.ડી.ની ગૌરવપૂર્ણ પહવી પ્રાપ્ત કરી છે.



વેદથી શરુ કરી આધુનિક વેબ સુધીમાં સંદેશા મોકલવાની જુદી– જુદી પધ્ધતિ, દૂતનું કર્તવ્ય, તેના પ્રકારો તથા રાવયવ્યવસ્થામાં દૂતની ભૂમિકા વગેરે વિશે મહત્વતૂર્ણ ઉદાહરણો આપી પ્રસ્તુત શોધકાર્ય કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીરામ ભ્રમરને દૂત બનાવી માં જાનકી–સીતા પાસે પોતાનો સંદેશ લઈને મોકલે છે. એવા સંવેદનશીલ વિષયને કેન્દ્રમાં રાખી, પરમ રાષ્ટ્રભકત પ.પૂ. જગદગુરુ શ્રી રામભદ્રાચાર્ય કે જેવો પ્રજ્ઞાચક્ષુ હોવા છતા હિન્દી, સંસ્કૃત, ભોજપુરી, અવધી, અંગ્રેજી વગેરે ભાષાંમાં વિશાળ માત્રા માં ૨૦૦ થી વધારે ગ્રન્થોની રચના કરી છે. એટલુ જ નહીં શ્રીમદ્ ભગતગીતા, બ્રહ્મસૂત્ર, અઢાર પુરાણ, ઉપનિષદો, રામચરિત માનસ, શ્રીમદ્ ભાગવત, પાણિનીય વ્યાકરણ, અષ્ટાધ્યાયી, નારદભકિત સૂત્ર વગેરે મહનીય ગ્રન્થો ઉપર પોતાના સ્વતંત્ર ભાષ્યો રચ્યા છે. એવા મહામનીષી પ.પૂ.જગદ્ગુરુ શ્રી રામ ભદ્રાચાર્યજીના મહત્વપૂર્ણ ગ્રન્થ ઉપર પી.એચ.ડી. કરવા બદલ શોધ છાત્ર તથા માર્ગદર્શકને ચારેબાજુથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન મળી રહયાં છે.


## અમરેલીનાં તપોવન આશ્રમને રૂપિયા ૫૧૦૦ની સહાય કરાઈ



અમરેલી, તા. ૨૪

અમરેલી રિધીબેન રામાણી ની દીકરી રિવા નાં જન્મ દિવસ નિમિતે સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમમાં તપસ્વીઓ ને ભોજન પ્રસાદ કરાવેલ અને સાથો સાથ ૫,૧૦૦/– રૂપિયા નું અનુદાન તા. ૨૨/૦૪/૨૦૨૪ નાં રોજ આપેલ અને ગોંડલિયા પરીવાર ઉપસ્થિત રહ્યાં સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા – પ્રેરણા સ્ત્રોત પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. આ તકે સારહી પરિવાર વતી ધાર્મિકભાઈ રામાણી સહ પરિવાર, જયસુખભાઈ રામાણી સહ પરિવાર, મહેશભાઈ કથીરીયા સહ પરિવાર, જસપાલભાઈ શેખવા સહ પરિવાર, જન્મ દિવસ માં ઉપસ્થિત રહેલ.

## ખાંભા ખાતે ભક્તિભાવથી હનુમાન જયંતીની ઉજવણી



ખાંભા, તા. ૨૪

ઠેર ઠેર હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી રહી હોય ત્યારે ખાંભાના જગપ્રસિદ્ધ શ્રી પિંગળવીર હનુમાનજી મંદિરે તેમજ પંચમુખી હનુમાનજી મંદિર તેમજ ખાંભા શહેરના તમામ હનુમાનજી મંદિરે ભક્તિભાવથી હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી આ અવસરે પીંગલવીર હનુમાનજી મંદિરે મહાપ્રસાદનુ પણ આયોજન કરવામાં આવ્યું હતુ બહોળી સંખ્યામાં ભકતોએ પ્રસાદનો લાભ લીધો હતો. ખાભા સરપંચ તેમજ રાજકીય આગેવાનો ગામના આગેવાનો તેમજ સંતો સહિત ઉપસ્થિત રહ્યા હતા.

### હિટવેવ સામે તકેદારીના પગલા ભરીએ

## જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને ડિસ્ટ્રીકટ હિટ એકશન ટાસ્ક ફોર્સ (DHTAF) કમિટીની રચના કરવામાં આવી

### કામ વગર બપોરે ૧૨ સાંજે ૪ દરમિયાન બહાર જવાનુ ટાળો

અમરેલી, તા. ૨૪

ઉનાળાની ઋતુમાં આગામી સમયમાં રાજયમાં હિટવેવની શક્યતાઓને જોતા હિટવેવની સંભવિત અસરોથી રક્ષણ મેળવી શકાય તે માટે ડિસ્ટ્રીક્ટ હિટ એક્શન ટાસ્ક ફોર્સ (DHTAF) કમિટીની રચના કરવામાં આવી છે. અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયા આ કમિટીના ચેરમેન રહેશે જયારે જિલ્લા વિકાસ અધિકારી સભ્ય સચિવશ્રી તરીકે માર્ગદર્શન આપશે.



બુધવારે આ કમિટીની અમરેલી જિલ્લાની પ્રથમ બેઠકનું આયોજન અમરેલી જિલ્લા પંચાયત આરોગ્યશાખા ખાતે કરવામાં આવ્યું હતું. બેઠકમાં અધિકારીઓને આ કમિટી અંતર્ગત જે તે કચેરીઓને કરવાની કામગીરી અંગે વિગતો આપવામાં આવી હતી. આ કમિટી દ્વારા આગામી સમયમાં હિટવેવ સંદર્ભે અમરેલી જિલ્લામાં તકેદારીના પગલાઓ ભરવામાં આવશે અને ગરમી સામે રક્ષણ મેળવવા જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવશે.

બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોષીએ કહ્યુ કે, હિટવેવની સંભવિત અસરો સામે યોગ્ય પગલાઓ ભરીને ગરમીથી થતી આરોગ્યલક્ષી સમસ્યાઓને નિવારી શકાય છે. ખાસ કરીને હિટવેવના સંજોગોમાં શ્રમિકો બપોરે ૧૨થી સાંજે ૦૪ વાગ્યા દરમિયાન વિશ્રામ કરે. કામના સ્થળો પર ઓ.આર.એસ.ના દ્રાવણો અને પ્રવાહીની પૂરતી માત્રામાં સુવિધા ઉપલબ્ધ કરવી. મુસાફરી દરમિયાન પીવાનું પાણી સાથે રાખવું. આગામી સમયમાં જિલ્લા કમિટી અધ્યક્ષ અને જિલ્લા કલેક્ટરના માર્ગદર્શનમાં હિટવેવ સામે રક્ષણ મેળવવા અને હિટવેવથી બચવા એક્શન પ્લાન તૈયાર કરી તે પ્રવૃત્તિઓ અનુસરવામાં આવશે.

આ કમિટીમાં સભ્ય તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, મુખ્ય જિલ્લા અધિકારી, નાયબ માહિતી નિયામક (હિટ વેવ સામે કાળજી રાખવા અંગે સમાચાર માધ્યમમાં પ્રચાર–પ્રસાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત), જિલ્લા શ્રમ અધિકારી, માધ્યમિક જિલ્લા શિક્ષણ અધિકારી, પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી, જનરલ મેનેજર, ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગની કચેરી, પોર્ટ ઓફિસર, એસ.ટી.ના વિભાગીય કંટ્રોલર, એ.આર.ટી.ઓ, ડિસ્ટ્રીક્ટ સર્વેલન્સ ઓફિસર, પ્રોગ્રામ ઓફિસર, આઈ.સી.ડી.એસ. પશુપાલન નિયામક, નોડલ ઓફિસર નગરપાલિકાઓ–વ–ચીફ ઓફિસર, નગરપાલિકા, અમરેલી, આપત્તિ વ્યવસ્થાપન તંત્ર–અમરેલીના મામલતદારનો સમાવેશ છે. આ બેઠકમાં અમરેલી–વડીયા–કુંકાવાવ પ્રાંત અધિકારી સહિત કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# અમરેલીમાં રૂપાયતન સંસ્થાની સુવર્ણ જયંતી વર્ષની પુર્ણાહુતિ અને એકાવનમાં વર્ષમાં ધમાકેદાર પ્રવેશ



અમરેલીમાં વર્ષ ૨૦૨૩– ૨૪ રૂપાયતન સંસ્થાનું સુવર્ણ જયંતી ઉજવણીનું વર્ષ હતું. આ પચાસ વર્ષની પુર્ણાહુતિ અને એકાવનમાં વર્ષમાં પ્રવેશ નિમિતે રામનવમીના પવિત્ર દિને એક કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું હતું. ૧૭ એપ્રિલ મંગળવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી શરૂ થયેલ આ કાર્યક્રમ જગતાધિપતી શ્રીરામ દરબારના અધ્યક્ષ સ્થાને અને અમરેલીના બહુશ્રુત વિધ્વાન ડો. વસંતભાઈ પરીખની ઉપસ્થિતીમાં સંપન્ન થયો હતો. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ત્યારબાદ શાળાના બાળકોમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. પ્રમુખ કિશોરભાઈ મહેતાનો શુભેચ્છા સંદેશ સૌને સંભળાવવામાં આવ્યો. માનદમંત્રી કાચા ગત વર્ષનો અહેવાલ અને આવનારા સમયની રૂપરેખા રજૂ કરી હતી. ત્યારબાદ ડો. વસંતભાઈ પરીખના હસ્તે સંસ્થાની આગવી ઓળખ સમાન 'ઋત્વિજ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમણે આ અંગે પોતાનો રાજીપો વ્યકત કર્યો હતો અને સંસ્થાને શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ રામનવમી પર્વ નિમિતે સર્વે રૂપાયતન પરિવારના ભાઈઓ, બહેનો, વાલીઓ તથા બાળકો સમૂહ આરતીમાં સહભાગી થયા હતા. વેશભૂષામાં સજજ બાળકોએ અનોખું ભાવાવરણ ઊભું કર્યુ હતુ. આ પ્રસંગે અતિથિ વિશેષ ડો.વસંતભાઈ પરીખ, કાચા, રજનીભાઈ મહેતા, ડો. અમીતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ જોશી, ધર્મિષ્ઠાબેન મહેતા, સમગ્ર સ્ટાફ તથા બાળકો ઉપસ્થિત રહ્યા હતાં. એમ આચાર્ય ભારતીબેન ગોહિલની યાદીમાં જણાવાયું છે.

### સેમ પિત્રોડાના નિવેદન પર વડાપ્રધાન મોદીનો પલટવાર

# કોગ્રેસની લૂંટ જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી : પીએમ મોદી

## છત્તીસગઢમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું કે કોંગ્રેસના ઈરાદા સારા નથી : હવે તેના ખતરનાક ઈરાદાઓ ખુલ્લેઆમ બધાની સામે આવી ગયા છે

સરગુજા, તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે છત્તીસગઢના સરગુજામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા સામ પિત્રોડાના વારસાગત ટેક્સ પરના નિવેદન પર કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે કોંગ્રેસના ઈરાદા સારા નથી. હવે તેના ખતરનાક ઈરાદાઓ ખુલ્લેઆમ બધાની સામે આવી ગયા છે.

તેથી હવે તેઓ વારસાગત કર વિશે વાત કરી રહ્યા છે.મોદીએ કહ્યું કે કોંગ્રેસના ઈરાદા સારા નથી અને બંધારણ અને સામાજિક ન્યાયને અનુરૂપ નથી. કોંગ્રેસ તમારી કમાણી, તમારા ઘર, દુકાન, ખેતરો પર પણ નજર રાખી રહી છે. કોંગ્રેસના રાજકુમાર કહે છે કે તેઓ દેશના દરેક ઘર, દરેક કબાટ અને દરેક પરિવારની સંપત્તિનો એક્સ-રે કરશે. અમારી માતાઓ અને બહેનો પાસે જે નાનું સ્ત્રીધન, ઝવેરાત છે તેની કોગ્રેસ તપાસ કરાવશે. પીએમે કહ્યું કે અહીં સરગુજામાં આપણી આદિવાસી માતાઓ અને બહેનો હંસુલી પહેરે છે, મંગળસૂત્ર પહેરે છે. કોંગ્રેસ તમારી પાસેથી આ બધું છીનવીને વહેંચશે. હવે તમે જાણો છો કે તે કોને આપશે. તેઓ તમારી પાસેથી લૂંટશે અને કોને આપશે? શું મારે કહેવાની જરૂર છે? શું તમે મને આ પાપ કરવા દેશો? કોંગ્રેસનું કહેવું છે કે સત્તામાં આવ્યા બાદ તે એક પછી એક ક્રાંતિકારી પગલાં લેશે. અરે, આ સપના ના જોશો. દેશની જનતા તમને આવી તક નહીં આપે.મોદીએ કહ્યું કે કોંગ્રેસના ખતરનાક ઈરાદા એક પછી એક ખુલ્લેઆમ સામે આવી રહ્યા છે. શાહી પરિવારના રાજકુમારના સલાહકાર તેમણે થોડા સમય પહેલા કહ્યું હતું કે આપણા દેશમાં મધ્યમ વર્ગ છે, તેમના પર વધુ ટેક્સ લગાવવો જોઈએ. તેણે આ વાત જાહેરમાં કહી છે. હવે આ લોકો તેનાથી એક ડગલું આગળ વધી ગયા છે. તેઓએ કહ્યું છે કે તમારી મિલકત પર વારસાગત કર લાદવામાં આવશે.વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસ કહે છે કે તેઓ વારસાગત કર લાદશે. તેઓ નથી ઈચ્છતા કે તમારા બાળકોને તમે તમારી મહેનત દ્વારા ભેગી કરેલી સંપત્તિનો વારસો મળે. તેઓ નથી ઈચ્છતા કે ભારતીયો તેમની મિલકત તેમના બાળકોને આપે. આ પાર્ટી પર શહેરી નકસલીઓનો કંન્ટ્રોલ છે. તેઓ તમારી બધી દુકાનો અને ઘરો છીનવી લેશે. કોંગ્રેસ તમારા માતા-પિતાનો વારસો છીનવી લેશે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોંગ્રેસ પાસે એક જ મંત્ર છે. કોગ્રેસની લૂંટ જિંદગી દરમિયાન અને જિંદગી પછી પણ રહેશે. જ્યાં સુધી તમે જીવો ત્યાં સુધી કોંગ્રેસ તમને ઊંચા કર વડે મારશે અને જ્યારે તમે જીવશો નહીં ત્યારે તમારા પર વારસાગત કરનો બોજ પડશે. જેઓ આખી કોંગ્રેસ પાર્ટીને તા હતા અને પોતાના સંતાનોને આપી દેતા હતા, હવે તેઓ નથી ઈચ્છતા કે ભારતીયો તેમની મિલકત તેમના સંતાનોને આપે.

મોદીએ સેમ પિત્રોડાને "શાહી પરિવારના શાહજાદાના સલાહકાર" તરીકે સંબોધીને કહ્યું કે "કોંગ્રેસ કહે છે કે આપણા દેશનો જે મિડલ ક્લાસ છે જેઓ મહેનત કરીને કમાય છે તેના પર વધુ ટેક્સ લાગવો જોઈએ. હવે આ લોકો તેનાથી પણ એક કદમ આગળ વધ્યા છે. હવે કોંગ્રેસનું કહેવું છે કે તેઓ ઈનહેરિટન્સ ટેક્સ લગાવશે. માતા-પિતા પાસેથી મળનાર વારસા પર પણ ટેક્સ લગાવશે. તમે જે તમારી મહેનતથી સંપત્તિ એકઠી કરો છો તે તમારા બાળકોને નહીં મળે. પરંતુ કોંગ્રેસ તેને તમારી પાસેથી છીનવી લેશે. કોંગ્રેસનો મંત્ર છે, કોંગ્રેસની લૂંટ, જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી. તમે જીવીત રહેશો ત્યાં સુધી કોંગ્રેસ તમને ઊંચા ટેક્સથી મારશે.

તમે જીવીત નહીં રહો ત્યારે તમારા પર ઈનહેરિટન્સ ટેક્સનો બોજ લાદી દેશે." સેમ પિત્રોડા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓના સલાહકાર છે પરંતુ તેમના કારણે અગાઉ પણ કોંગ્રેસ બચાવના મોડમાં આવી ગઈ હતી. ૨૦૧૯માં તેમણે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો વિશે ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે હુઆ તો હુઆ - થઈ ગયું તો થઈ ગયું. આ કારણે વિવાદ થયો હતો અને પછી માફી માગવી પડી હતી. જોકે, વડાપ્રધાન મોદીએ તે સમયે પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કોંગ્રેસની આકરી ઝાટકણી કાઢી હતી.

### ફ્રાન્સનો કિસ્સો સંભળાવતા રાહુલે તાક્યું નિશાન

# કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાથી વડાપ્રધાન મોદી ગભરાઇ ગયા : રાહુલ ગાંધી

## કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર મોદીના સતત આકરા પ્રહાર

નવી દિલ્હી, તા. ૨૪

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે જારી કરવામાં આવેલા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત આકરા પ્રહાર કરી રહ્યાં છે. તેઓ પોતાની દરેક ચૂંટણી સભામાં કોંગ્રેસના મેનિફેસ્ટો પર નિશાન સાધી રહ્યાં છે, જે બાદ હવે મોર્ચો સંભાળતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પલટવાર કર્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે પીએમ મોદી કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાથી ગભરાઈ ગયા છે. એટલુ જ નહીં રાહુલ ગાંધીએ ફ્રાન્સનો એક કિસ્સો પણ સંભળાવ્યો છે.રાહુલ ગાંધીએ કહ્યું, 'ફ્રાન્સને ફેશનની રાજધાની માનવામાં આવે છે. ૧૦-૧૫ વર્ષ પહેલા એક દિવસ મે છાપામાં એક સમાચાર જોયા. ભારતની એક ફેશન ડિઝાઈનર ફ્રાન્સમાં પોતાનો ફેશન શો કરી રહી હતી. મે છાપામાં જોયું કે ફ્રાન્સના ફેશન ડિઝાઈનર ભારતીય ડિઝાઈનરોની મજાક ઉડાવી રહ્યાં હતાં'.કોંગ્રેસ નેતાએ કહ્યું, 'મે ફ્રાન્સ-ઈટાલીના એક ફેશન ડિઝાઈનરને ફોન કર્યો અને કહ્યું કે તમે ભારતીય ડિઝાઈનર્સની મજાક કેમ ઉડાવી રહ્યાં છો, તમે ડરી ગયા છો. તેથી તે બાબતની મજાક ઉડાવી રહ્યા છો, જે તમને પસંદ નથી. ભારતની મહિલાઓએ ખૂબ સારું પ્રદર્શન કર્યું છે'.રાહુલ ગાંધીએ પોતાની વાતને આગળ વધારતા કહ્યું, વિદેશી ડિઝાઈનરે મને કહ્યું કે હું તમને જણાવીશ, પરંતુ તમને એ પસંદ આવશે નહીં. મને ફેશન ડિઝાઈનર કહેવામાં આવે છે પરંતુ અમે દરજી છીએ પરંતુ અમને ફેશન ડિઝાઈનરનો ટેગ મળેલો છે'.૨૬ એપ્રિલે બીજા તબક્કા માટે મતદાન થવાનું છે. તેના પહેલા પીએમ મોદીએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાનો ઉલ્લેખ કરતા મંગળસૂત્ર અને મુસ્લિમ અનામતને લઈને કોંગ્રેસ પર નિશાન સાધવાનું શરૂ કરી દીધું છે. લગભગ ૧૭ દિવસ પહેલા આવેલા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાનો પત્ર અને તેલંગાણામાં રાહુલ ગાંધીના નિવેદનના આધારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સમગ્ર ભાજપે કોંગ્રેસને ઘેરવાનું શરૂ કરી દીધું છે.

### અમેરિકામાં પપ ટકા સંપત્તિ સરકારના ખાતે જાય છે : સેમ પિત્રોડા

# સેમ પિત્રોડાએ વારસાઈ ટેક્સની વાત કરતા કોંગ્રેસ પાર્ટી ભીંસમાં

## કોંગ્રેસ ભારતમાં પણ આ પ્રકારનો વારસાઈનો ટેક્સ લાગુ કરવા માંગે છે તેમ કહીને ભાજપે મોટો મુદ્દો બનાવ્યો

નવી દિલ્હી, તા. ૨૪

કોંગ્રેસના સેમ પિત્રોડાએ સંપત્તિના વિતરણ અંગે ટિપ્પણી કરી તેના કારણે મોટો વિવાદ થઈ ગયો છે અને નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિત ભાજપના નેતાઓએ આ મુદ્દો પકડી લીધો છે. સેમ પિત્રોડાએ અમેરિકામાં શિકાગોમાં કહ્યું હતું કે અમેરિકામાં વારસાઈ ટેક્સ એટલે કે ઈનહેરિટન્સ ટેક્સ હોય છે. જેમાં કોઈ અબજોપતિ વ્યક્તિનું મૃત્યુ થાય તો તેના વારસદારને માત્ર ૪૫ ટકા સંપત્તિ મળે છે જ્યારે ૫૫ ટકા સંપત્તિ સરકારના ખાતે જાય છે.સેમ પિત્રોડાની આ ટિપ્પણી કોંગ્રેસને ભારે પડી રહી છે. કોંગ્રેસ ભારતમાં પણ આ પ્રકારનો વારસાઈનો ટેક્સ લાગુ કરવા માંગે છે તેમ કહીને ભાજપે મોટો મુદ્દો બનાવ્યો છે જેના કારણે કોંગ્રેસ હવે આ આગ ઠારવામાં લાગી ગઈ છે. જોકે, સેમ પિત્રોડાએ સ્પષ્ટતા કરી કે મેં એવું નથી કહ્યું કે ભારતમાં પણ ૫૫ ટકા સંપત્તિ સરકારે લઈ લેવી જોઈએ, હું તો માત્ર અમેરિકાનું ઉદાહરણ આપતો હતો. સેમ પિત્રોડા એક સમયે રાજીવ ગાંધીના વિશ્વાસુ હતા અને ભારતમાં ટેલિકોમ ક્રાંતિ લાવવામાં તેમને મહત્ત્વની વ્યક્તિ ગણવામાં આવે છે. પરંતુ હાલમાં તેઓ એક ટિપ્પણીના કારણે ભાજપના નિશાના પર છે. પિત્રોડાએ કહ્યું હતું કે "અમેરિકામાં વારસાઈ ટેક્સ એ એક રસપ્રદ કાયદો છે. તેમાં એવું કહેવાય છે કે તમે તમારી પેઢીમાં સંપત્તિ બનાવી અને હવે તમે દુનિયામાંથી વિદાય લઈ રહ્યા છો, તો તમારે લોકો માટે સંપત્તિ છોડી જવી જોઈએ. બધી સંપત્તિ નહીં પણ અડધી સંપત્તિ બીજા લોકો માટે રાખી જવી જોઈએ. મને લાગે છે કે આ બરાબર છે. " પિત્રોડાએ આગળ કહ્યું હતું કે "ભારતમાં આવો કોઈ વારસાઈનો કાયદો નથી. તેથી ભારતમાં ૧૦ અબજ રૂપિયાની સંપત્તિ ધરાવતી કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તો બધા રૂપિયા તેના સંતાનોને મળે છે, લોકોને કંઈ નથી મળતું. તેથી આપણે આવા મુદ્દા પર ચર્ચા કરવી જોઈએ. અંતમાં તેનું શું તારણ આવશે તેની મને ખબર નથી પરંતુ આપણે હવે સંપત્તિની વહેંચણીની વાત કરીએ છીએ, આપણે લોકોના હિતની વાત કરીએ છીએ, માત્ર સુપર રિચ લોકોના હિતની વાત નહીં."અમિત શાહે કહ્યું કે પિત્રોડાના નિવેદન પછી કોંગ્રેસ એક્સપોઝ થઈ ગઈ છે. સૌથી પહેલા ઘોષણાપત્રમાં સરવે, મનમોહન સિંહનું નિવેદન જેમાં તેમણે દેશની સંપત્તિ પર સૌથી પહેલો અધિકાર માઈનોરિટીનો છે એવું કહ્યું છે. હવે પિત્રોડાએ સંપત્તિની વહેંચણી પર વિચાર થવો જોઈએ એમ કહ્યું છે. અમેરિકાનો હવાલો આપીને તેમણે કહ્યું કે ૫૫ ટકા સંપત્તિ સરકારી ખજાનામાં જાય છે. અમિત શાહે કહ્યું કે વડાપ્રધાને મુદ્દો ઉઠાવ્યો ત્યારે આખી કોંગ્રેસ બેકફૂટ પર આવી ગઈ છે. પરંતુ બધાને ખબર પડી ગઈ છે કે કોંગ્રેસ દેશની પ્રાઈવેટ સંપત્તિનો સરવે કરીને, સંપત્તિને સરકારી ખજાનામાં નાખીને યુપીએ શાસનમાં જે પ્રાયોરિટી નક્કી કરી હતી. દેશના સંશાધન પર પર સૌથી પહેલો અધિકાર માઈનોરિટીનો અને તેમાં પણ મુસ્લિમોનો છે તે પ્રમાણે વહેંચણી કરવા માંગે છે. અમિત શાહે ચેલેન્જ કરી કે કોંગ્રેસ આ વાતને પોતાના મેનિફેસ્ટોમાંથી હટાવે અથવા સ્વીકારે કે આ જ તેમનો હેતુ છે.

### ઘણા બોલિવુડ સ્ટાર મતદાન નહિ કરે

# બોલિવુડ અભિનેત્રીઓ ભારતમાં રહેવા છતાં ચુંટણીઓમાં મતદાન નહિ કરી શકે

## આલિયા ભટ્ટ પણ બોલિવુડની જાણીતી અભિનેત્રીઓની એક છે અને તેની પાસે મત આપવાનો અધિકાર નથી

મુંબઈ, તા. ૨૪

ભારતમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ નો પ્રારંભ થઈ ગયો છે. આ વખતે લોકસભા ચૂંટણી માટે મતદાન ૧ જૂન સુધી થશે. અલગ અલગ કુલ ૭ તબક્કામાં થવાનું છે જેમાં મહારાષ્ટ્રમાં મતદાન ૫ તબક્કામાં યોજવાનું છે. ચુંટણીમાં મતદાન કરવાનો દરેક નાગરિક અધિકાર છે. પરંતુ તેની પાસે ભારત દેશનું નાગરિકત્વ હોવું જરૂરી છે. ત્યારે ફિલ્મ જગતની વાત કરીએ તો ઘણાં બધા એવા સ્ટાર છે જે મતદાન નહિ કરી શકે.જેમાં દેશ-વિદેશના અસંખ્ય લોકોનું મનોરંજન કરીને નામના મેળવનાર બોલિવુડ જગતની સુપ્રસિદ્ધ અભિનેત્રીઓ ભારતમાં રહેવા છતાં તેમની પાસે ભારતની મહત્વની ચુંટણીઓમાં મતદાન કરવાનો અધિકાર નથી. દેશ-વિદેશમાં નામ તો થઈ ગયું પરંતુ કમનસીબની વાતએ છે કે તેમની પાસે ભારતની નાગરિકતા ન હોવાને કારણે તેઓ મત આપી શકશે નહિ .બોલીવુડમાં આવી અનેક અભિનેત્રીઓ છે જેને ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર નથી.આ યાદીમાં સૌ પ્રથમ કપુર પરિવારની વહુ પાસે પણ મત આપવાનો અધિકાર નથી. જ્યારે બીજું નામ નોરા ફતેહીનું છે જેમનો જન્મ અને ઉછેર કેનેડામાં થયો હતો. તેના માતા-પિતા બંન્ને મોરક્કોના છે. તેની પાસે કેનેડાની નાગરિકતા છે. પરંતુ ભારતની નાગરિકતા ન હોવાથી તેઓને ભારતની ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર નથી.

આલિયા ભટ્ટ પણ બોલિવુડની જાણીતી અભિનેત્રીઓની એક છે. તેની પાસે મત આપવાનો અધિકાર નથી. આલિયાની પાસે ભારતની નાગરિકતા નથી. કારણ કે, તેનો જન્મ ઈંગ્લેન્ડના બર્મિગહામમાં થયો છે. તેની માતાનો જન્મ પણ આજ શહેરમાં થયો છે. ત્યારબાદ કેટરીના કેફની પાસે પણ ભારતની નાગરિકતા નથી કારણ કે, તેનો જન્મ બ્રિટિશ હાંગકાંગમાં થયો છે. આ કારણે ભારતમાં મતદાન કરવાનો અધિકાર નથી. જેકલીન ફર્નાન્ડીઝનો જન્મ ૧૧ ઓગસ્ટ ૧૯૮૫ના રોજ મનામા બહેરીનમાં થયો હતો.તેના પિતા શ્રીલંકા અને માતા મલેશિયાની છે. આ કારણે તેની પાસે શ્રીલંકાની નાગરિકતા છે. એટલા માટે તે ભારતીય ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર ધરાવતી નથી. કારણ કે ભારત દેશના સવિધાનમાં માત્ર તે લોકોને જ મત આપવાનો અધિકાર છે જે લોકો પાસે ભારત દેશની નાગરિકતા છે. માટે આ ઉપરાંત અન્ય ફિલ્મ જગત ના સ્ટાર પણ હશે જે મતદાન નહિ કરી શકે.

### LRD-PSI ભરતીને લઈ મુંઝવણો થશે દૂર

# અત્યાર સુધીમાં ૭.૮૧ લાખ ઉમેદવારોની અરજીઓ આવી છે

## LRD-PSIના ફોર્મ ભરવા માટે માત્ર ૭ દિવસ બાકી છે ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલ સુધીની છે

ગાંધીનગર ,તા. ૨૪

પોલીસની નોકરીનું સપનું જોનારા યુવાઓ માટે હાલમાં **LRD-PSI** ભરતી ચાલી રહી છે. જેના માટે ફોર્મ ભરવા માટે માત્ર ૭ દિવસ બાકી છે. ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલ સુધીની છે. અત્યાર સુધીમાં ભરતી બોર્ડને કુલ ૭,૮૧,૦૦૦ અરજી મળી છે જેમાંથી ૬,૪૫,૦૦૦ અરજીઓ કન્ફર્મ પણ થઈ ગઈ છે. ફોર્મ ભરવા માટે હવે ૭ જેટલા દિવસનો સમય બાકી રહ્યો છે. એવામાં ઘણા ઉમેદવારોને હજુ ફોર્મ ભરવાના બાકી છે અને અરજી કરવામાં કેટલીક મુંઝવણો અનુભવી રહ્યા છે. એવામાં ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે કેટલાક ટ્વીટ કરીને ઉમેદવારોને સૂચનો આપી છે કે, પોલીસ ભરતીમાં અરજી કરવા માટે હવે છેલ્લા સાત દિવસ બાકી છે.

છેલ્લા દિવસોમાં વધુ લોકો એક સાથે અરજી કરવાના કારણે અરજી તથા દસ્તાવેજ અપલોડ કરવામાં મુશ્કેલી પડી શકે. જેથી જેને પણ અરજી કરવી હોય તે ઝડપથી કરી લે. ઉમેદવારોને અરજી કરવામાં મુશ્કેલી પડે તો આ અંગે વેબસાઈટ પર મુકેલ પ્રશ્નોત્તરી તથા **youtube** વિડીયો જોઈ લે જેથી કોઈપણ કારણસર તેમની અરજી રદ ન થાય. અને અરજી કરવામાં કેટલીક મુંઝવણો અનુભવી રહ્યા છે.

એવામાં ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે કેટલાક ટ્વીટ કરીને ઉમેદવારોને સૂચનો આપ્યા છે. વેબસાઈટ પર લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને અનુભવાતા પ્રશ્નોના જવાબો મૂક્યા છે. જેમાં ફોર્મ ભરવાથી લઈને કયા કયા મહત્વપૂર્ણ દસ્તાવેજો તેમણે અરજી સાથે અપલોડ કરવાના રહેશે. તે તમામ પ્રકારની મુંઝવણો ને લઈ વિસ્તારથી માહિતી આપવામાં આવી છે.

### હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી

# રાજ્યમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી

## અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે

અમદાવાદ, તા. ૨૪

રાજ્યમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં હાલ પવન ઉત્તર પશ્ચિમ દિશા તરફ ફૂંકાઇ રહ્યા છે. ત્યારે આજે અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર દ્વારા ગુજરાતમાં આગામી સાત દિવસ હીટવેવ, વરસાદ અને તાપમાન અંગેની આગાહી કરી છે તે આપણે જોઇએ.

આ સાથે એ. કે દાસે એમ પણ જણાવ્યુ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ તાપમાન વલ્લભવિદ્યા નગરમાં ૩૯.૬ ડિગ્રી નોંધાયુ છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં ૩૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, આગામી ૨૪ કલાકમાં અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે. ગુજરાતના દરિયાકાંઠાની સ્થિતિ અંગે વાત કરતા તેમણે જણાવ્યુ છે કે, દરિયાકાંઠે પવનની દિશા ઉત્તર પશ્ચિમની રહેશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, હાલ કોઇ ડિસકમ્ફર્ટની સ્થિતિ રહેશે નહીં.ઉનાળાના બળબળતા તાપ વચ્ચે ખેતી કાર્યોમાં રાજ્યના ખેડૂતો હીટવેવથી બચી શકે તે માટે ખેતી નિયામકની કચેરી દ્વારા હીટવેવ સામે લેવાના સાવચેતીના પગલાઓ અંગે સામાન્ય એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.આ એડવાઈઝરીમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, ઉનાળુ મગ, ઉનાળુ ડાંગર, ઉનાળુ શાકભાજી, ઉનાળુ બાજરી પકવતા ખેડૂતોને ખેતી કાર્યોમાં યોગ્ય કાળજી લેવા અનુરોધ કરાયો છે. આ એડવાઈઝરીમાં જણાવાયું છે કે, હીટવેવ દરમિયાન ખેતરમાં ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. મગફળી, મગ, અડદ, બાજરી, જુવાર, તલ વગેરે પાકમા વહેલી સવારે અને સાંજના સમયે પિયત આપવું. ખેતરની જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવાં માટે પાકનાં અવશેષો, પોલીથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. પિયત માટે બની શકે તો ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. પાકને ઊંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું. બપોરના કલાકો દરમ્યાન ખેતીની પ્રવૃતિઓ બંધ રાખવી. શાકભાજી અને બાગાયતી પાકોને શણના કંતાનથી અથવા જુવાર-બાજરી જેવા પાકોની કડબની આડશ કરવી.

### રિપોર્ટ અંગે ચીફ જસ્ટિસની ખંડપીઠની ટકોર

# અધિકારીઓ AC ઓફિસમાં બેસી, મગજ બંધ કરી સિંહોનાં મોતની તપાસ કરતા લાગે છે

## જાન્યુઆરીમાં ત્રણ સિંહોના રેલ અકસ્માતમાં મૃત્યુ થયા હતા : ગુજરાત હાઈકોર્ટે અધિકારીઓનો ઉધડો લીધો

અમદાવાદ, તા. ૨૪

અકસ્માતમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટે અધિકારીઓનો ઉધડો લીધો છે. કોર્ટે સ્પષ્ટ કરી દીધું છેકે, તે અધિકારીઓ દ્વારા આપવામાં આવેલાં તપાસ રિપોર્ટથી અસંતુષ્ટ છે. અધિકારીઓની તપાસ માત્ર નામ પુરતી જ હોવાનું પણ કોર્ટે નોંધ્યું છે. ઉલ્લેખનીય છેકે, ગીરના જંગલ-અભયારણ્ય ક્ષેત્રમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન જાન્યુઆરી મહિનામાં ત્રણ સિંહોનાં મોતને લઈ હાઈકોર્ટે માંગેલા ઈક્વાયરી રિપોર્ટ અનુસંધાનમાં વનવિભાગ અને રેલ્વે ઓથોરીટી દ્વારા ખુલાસા અને જવાબથી હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે ભારે અસંતોષ વ્યકત કર્યો હતો. રિપોર્ટ અંગે ચીફ જસ્ટિસની ખંડપીઠે ટકોર કરી હતી કે, એક જ મહિનામાં ત્રણ સિંહોના ટ્રેન અકસ્માતમાં મૃત્યુની ઘટના નોંધાવા છતાં તેની ગંભીરતા ધ્યાને લીધા વિના રેલવે ઓથોરિટી કે વનવિભાગે યોગ્ય તપાસ કરી નથી. અધિકારીઓએ જાતે કોઈ જ પગલાં લીધા નથી. ઉચ્ચ અધિકારીઓ એરકન્ડિશન્ડ ઓફિસમાં બેસીને મગજનો ઉપયોગ કર્યા વિના કામ કરતાં હોય તેમ જણાય છે. હાઈકોર્ટે આ સમગ મામલે હવે રેલ્વે વિભાગ અને વન વિભાગના સેક્રેટરીના વડપણ હેઠળ ઉચ્ચ સ્તરીય સમિતિ નીમી તપાસ કરાવવાની ચીમકી ઉચ્ચારી હતી. સિંહોનાં મોત મામલે હાઈકોર્ટે માંગેલા ઈક્વાયરી રિપોર્ટ અનુસંધાનમાં રેલ્વે અને વન વિભાગ દ્વારા રિપોર્ટ રજૂ કરાયો હતો. જો કે, હાઈકોર્ટે આ તપાસ અહેવાલને અસ્પષ્ટ અને ઢાંકપિછોડાના પ્રયાસ સમાન ગણાવ્યો હતો. સત્તાવાળાઓ દ્વારા રિપોર્ટમાં જણાવાયું કે, સિંહોના મોત મામલે ત્રણ કર્મચારીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા અને એક સિંહ ટ્રેકરને નોકરીમાંથી પાણીચું આપી દેવાયું છે. જેથી હાઈકોર્ટે માર્મિક ટકોર કરી હતી કે, નાના કર્મચારીને નોકરીમાંથી કાઢવાનો કોઈ અર્થ નથી. વાસ્તવમાં આ મામલામાં ઉચ્ચ અધિકારીઓની પણ એટલીજ જવાબદારી બને છે. શિસ્ત સંબંધી પગલાં નહી, સિંહોનાં મોત થયા તે પાછળ અકસ્માતના કયા કારણો છે અને ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાઓ ના બને તે માટેના પગલાંની વાત રજૂ કરવાની હોય. તમે રમત રમી રહ્યા હોય એવું જણાઈ રહ્યું છે કારણ કે, રિપોર્ટમાં સિંહોના મોત કેમ થયા અને કયા કારણ કે પરિબળ તેમાં જવાબદાર છે તે સ્પષ્ટ થતુ નથી.હાઈકોર્ટે ડિવીઝનલ રેલ્વે મેનેજરને ગીર જંગલ વિસ્તારમાં ખાસ કરીને રેલવે ટ્રેક પરની વનસ્પતિઓ દૂર કરવા અને ફેન્સિંગ રિપેર કરવા હુકમ કર્યો હતો. દરમિયાન કોર્ટ સહાય હેમાંગ શાહે અદાલતનું ધ્યાન દોર્યુ હતું કે, સત્તાવાળાઓના જવાબમાં સિંહોના મોત મામલે કોઈ ચોક્કસ સ્પષ્ટતા કે જવાબ રજૂ થયો નથી. ખરેખર તો સિંહોના મોત અટકાવવા અને મવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ના થાય તેવી યોજના અમલી બનાવવાની છે પરંતુ રેલ્વે વિભાગ અને વન વિભાગ વચ્ચે સંકલનનો અભાવ વર્તાય છે, તેના કારણે કોઈ સ્પષ્ટ આયોજન સામે આવતું નથી. રેલ્વે ઓથોરિટીના સોગંદનામાંમાં જ જણાવાયું છે કે, સિંહોની હલચલ અંગે વન વિભાગ તરફથી તેમને કોઈ માહિતી કે ઈનપુટ્સ આપવામાં આવ્યા ન હતા. આમ, બંને વિભાગ વચ્ચે સંકલનનો બિલકુલ અભાવ છે. હાઈકોર્ટે આ વાતની ગંભીર નોંધ લીધી હતી.કોર્ટ સહાયકે અદાલતનું એ મુદ્દે પણ ધ્યાન દોર્યું કે, અગાઉ સત્તાવાળાઓની ઓગસ્ટ-૨૦૨૩ની બેઠકમાં ટ્રેનની સ્પીડ ૨૦ કિમી રાખવાની વાત હતી પરંતુ તાજેતરમાં જે નવી એસઓપી રેલ્વે ઓથોરીટી દ્વારા જારી કરવામાં આવી છે, તેમાં ટ્રેનની સ્પીડ ૩૦ ૪૦ કિમી રાખવાની વાત કરી છે. તો આ તો ટ્રેનની સ્પીડ ઉલ્ટાની ડબલ કરી દેવાઈ છે. ટ્રેનની વાસ્તવિક સ્પીડ અંગે કોઈ જ ફોડ પાડવામાં આવતો નથી. વળી, અમરેલી-ખીજડીયા વચ્ચેના માત્ર ૧૬ કિલોમીટર છે અને તેના બ્રોડગેજ પ્રોજેકટ પાછળ સત્તાવાળાઓ રૂ.૧૭૩ કરોડથી વધુનો ખર્ચ કરવા જઇ રહી છે. તેનાથી કંઇ વળવાનું નથી. સિંહના જે ત્રણ અકસ્માતો થયા તે પીપાવા લીલીયા વચ્ચેના રેલ્વે ટ્રેક પર થયા છે, જે બ્રોડગેજના છે, તેમ અકસ્માતો અટકાવવાના પગલાં લેવાવા જરૂરી છે. બિનજરૂરી બ્રોડગેજ લાઈન રૂપાંતરિત કરવાનો કોઈ અર્થ નથી. સિંહોન અને તેમનું સંવર્ધન જરૂરી છે. બીજી બાબતો ગૌણ બની જાય છે.

### રેલવેએ કરી ઈકોનોમી મીલની સુવિધા શરુ

# રેલવેમાં જનરલ કોચના પ્રવાસીઓને મળશે રૂપિયા ૨૦માં ભરપેટ ભોજન

## પ્રવાસીઓને ૨૦માં મળશે આલુ ભાજી અને સાત પૂરી

નવી દિલ્હી, તા. ૨૪

ટ્રેનમાં લાંબી મુસાફરી શરૂ કરતા પહેલા મુસાફરોને અનેક પ્રકારની ચિંતાઓ હોય છે, તેમાં સૌથી મોટી ચિંતા ભોજનની છે. જો તમને ચિંતા હોય કે તમને ઘરેથી બનાવેલું ભોજન મળશે કે નહિ તો હવે ભારતીય રેલવેએ આ સમસ્યાનો ઉકેલ લાવી દીધો છે. હવે **IRCTC** જનરલ કોચના પ્રવાસીઓને માત્ર ૨૦ રૂપિયામાં ભોજન અને ૩ રૂપિયામાં પાણીની સુવિધા આપશે. મોટાભાગે રેલવેમાં સ્લિપર અને એસી કોચના પ્રવાસીઓ માટે ટ્રેનોમાં ભોજનની વ્યવસ્થા હોય છે. પરંતુ જનરલ કોચના પ્રવાસીઓને આ સુવિધાનો લાભ તો દૂર પણ તેઓ ભોજન કરવા સ્ટેશન પર ઉતરી પણ નથી શકતા. આથી આ સમસ્યાને દૂર કરવા રેલવેએ લાંબા અંતરની ટ્રેનો જ્યાં ઊભી રહે છે, તે મુખ્ય સ્ટેશનો પર રૂ. ૨૦થી ૫૦ સુધીમાં ભરપેટ ભોજન આપવાનું શરૂ કર્યું છે, જેને 'ઈકોનોમી મીલ' નામ આપ્યું છે. ભારતીય રેલવેએ ઈન્ડિયન કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન સાથે મળીને આ સુવિધા શરુ કરી છે. જેમાં પુરી-સબ્જી, મસાલા ઢોસા, છોલે-ભટુરા, ખીચડી સહિત અનેક પ્રકારના વિકલ્પો મળશે. જેની કિંમત રૂ. ૨૦ અને રૂ. ૫૦ રાખવામાં આવી છે. દેશના ૧૦૦ રેલવે સ્ટેશનો પર લગભગ ૧૫૦ ઈકોનોમી મીલ કાઉન્ટર શરુ કરવામાં આવ્યા છે. ગયા વર્ષે આ સેવા લગભગ ૫૧ સ્ટેશનમાં શરુ કરવામાં આવી હતી. જેનો હાલ વિસ્તાર કરવામાં આવ્યો છે. જેમાં નજીકમાં ભવિષ્યમાં વધારો કરવામાં આવશે. ઈસ્ટ સેન્ટ્રલ રેલ્વેના ૨૦ મોટા સ્ટેશનો પર ઈકોનોમી મીલની સુવિધા આપવામાં આવી છે. આ સિવાય અન્ય મોટા સ્ટેશનો પર પણ જરૂરિયાત મુજબ આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ૨૦ રૂપિયામાં શું મળશે? રેલવે દ્વારા ખાદ્યપદાર્થોની કિંમતો નક્કી કરવામાં આવી છે. જેમાં ૨૦ રૂપિયામાં પુરી, શાક અને અથાણું મળશે. જેમાં ૭ પુરીઓ સાથે ૧૫૦ ગ્રામ શાક આપવામાં આવશે. ૫૦ રૂપિયામાં શું મળશે? ૫૦ રૂપિયામાં રાજમા-ભાત, ખીચડી-પોંગલ, છોલે-કુલચા, છોલે-ભટુરા અને મસાલા ઢોસામાંથી કોઈપણ એક વસ્તુ મેળવી શકો છો. ૩ રૂપિયામાં પાણી મળશે આ ઉપરાંત ૨૦૦ mm પેકેજ્ડ સીલબંધ પાણીનો ગ્લાસ માત્ર ૩ રૂપિયામાં મળી રહેશે.સેન્ટ્રલ રેલવેની માહિતી મુજબ જ્યાં લાંબા અંતરની ટ્રેનો ઉભી રહેતી હોય એવા ૧૫ મોટા રેલવે સ્ટેશનો પર આ ઈકોનોમી મિલ મળી રહેશે. હાલ આ સુવિધા મહારાષ્ટ્રના ઈગતપુરી, કર્જત, મનમાડ, ખંડવા, બડનેરા, શેગાંવ, પુણે, મિરાજ, દૌન્ડ, સાઈનગર શિરડી, નાગપુર, વર્ધા, સોલાપુર, વાડી અને કુર્દુવાડી સ્ટેશનો પર ઉપલબ્ધ છે.

### સ્ટેજ પરથી લઈ જવામાં આવ્યા દૂર

# ભાષણ આપતાં આપતાં બેહોશ થયા નીતિન ગડકરી

## મહારાષ્ટ્રના યવતમાલમાં લોકસભા ચૂંટણીની રેલીમાં ભાષણ આપતી વખતે બેહોશ થઈ ગયા

મુંબઈ, તા. ૨૪

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી અને ભારતીય જનતા પાર્ટી (BJP)ના વરિષ્ઠ નેતા નીતિન ગડકરી બુધવારે મહારાષ્ટ્રના યવતમાલમાં લોકસભા ચૂંટણીની રેલીમાં ભાષણ આપતી વખતે બેહોશ થઈ ગયા હતા. સૂત્રો અને વિઝ્યુઅલ્સ અનુસાર, યવતમાલ પુસદમાં ભાષણ આપી રહ્યા હતા, ત્યારે ગડકરીને અચાનક ચક્કર આવવા લાગ્યા અને તેઓ નીચે પડી ગયા હતા. જોકે, તેમની તબિયત સારી છે અને તેઓ થોડી જ વારમાં ઉભા થઈ ગયા હતા. આ પછી તેમણે મંચ પરથી જનસભાને પણ સંબોધી હતી. નીતિન ગડકરી ભાષણ આપવા સ્ટેજ પર પહોંચ્યા કે, તરત જ તેઓ બેભાન થઈ ગયા હતા. આ પછી ત્યાં હાજર પાર્ટી કાર્યકર્તાઓએ તેમના ચહેરા પર પાણી છાંટ્યું અને તેમને સ્ટેજ પરથી દૂર લઈ ગયા હતા. ત્યારબાદ તેને તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી. લોકસભા ચૂંટણીના બીજા તબક્કા દરમિયાન ૨૬ એપ્રિલ (શુક્રવાર)ના રોજ યવતમાલમાં મતદાન થવાનું છે. યવતમાલની સાથે, મહારાષ્ટ્રના બુલઢાણા, અકોલા, અમરાવતી, વર્ધા, હિંગોલી, નાંદેડ અને પરભણીમાં પણ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

# અમરેલી ખાતે લાયન્સ કલબ (સીટી) દ્વારા દાંતની સારવારનો કેમ્પ યોજાયો










દાડમની કળી જેવા દાંત એ તંદુરસ્ત આરોગ્યની નિશાની છે, અયોગ્ય ખાનપાન અને દાંતો ની સફાઈ પ્રત્યે ઉદાસીનતા ને કારણે સમાજમા દાંતની વિવિધ પ્રકારની બિમારીઓ ફેલાયેલી છે. તેવા સમયે અમરેલીની બહુહેતુક સેવા પ્રવૃતિ કરતી સંસ્થા લાયન્સ કલ્બ ઓફ અમરેલી (સીટી) અને હોમ ડેન્ટલ કિલીનીક–ડો. તુષાર બોરાણીયાના સંયુકત ઉપક્રમે ડેન્ટલ ચકાસણી અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમા વાંકા–ચુંકા દાંતની સમસ્યા ધરાવતા દર્દી તેમજ દાંત ને લગત અન્ય બિમારી ભોગવતા દર્દીઓએ ઓર્થો.ડેંન્ટીસ્ટ ડો.ધ્વનિક વાળા દ્વારા અદ્યતન સારવાર આપવામાં આવેલ જેનો બહોળા પ્રમાણમાં આ કેમ્પનો લાભ લોકોએ ઉઠાવેલ. ડેન્ટલ કેમ્પને સફળ બનાવવા લા. ઋજુલભાઈ ગોંડલીયા, લા. પ્રો. એમ. પટેલ, લા. જયેશભાઈ પંડયા, લા.સાહસભાઈ ઉપાધ્યાય એ જહેમત ઉઠાવી હતી તેમ સંસ્થાની અખબારી યાદીમા જણાવાયેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૦૭ | ૫૬૨ |
| ૨ | ચણા | ૧૧૮૧ | ૧૧૯૧ |
| ૩ | એરંડા | ૮૦૫ | ૯૨૬ |
| ૪ | તુવેર | ૧૯૯૦ | ૨૦૬૦ |
| ૫ | ધાણા | ૧૩૪૭ | ૧૩૪૭ |
| ૬ | મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| ૭ | સફેદ તલ | ૨૭૦૦ | ૨૭૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૦ | ૧૨૦૧ |
| ૨ | શિંગ મોટી | ૯૪૫ | ૧૨૦૩ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૨૬૫ | ૧૫૩૫ |
| ૪ | તલ સફેદ | ૧૩૦૦ | ૨૭૪૯ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૦૦૦ |
| ૬ | બાજરો | ૩૪૫ | ૪૭૮ |
| ૭ | જુવાર | ૪૮૧ | ૭૯૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૩૨ | ૬૬૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૭૨ |
| ૧૦ | મકાઈ | ૪૮૭ | ૫૦૦ |
| ૧૧ | અડદ | ૧૭૫૦ | ૧૮૩૦ |
| ૧૨ | ચણા | ૧૦૩૫ | ૧૨૩૧ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૫૩ | ૧૩૧૫ |
| ૧૪ | તુવેર | ૧૨૨૫ | ૨૧૧૦ |
| ૧૫ | વાલ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૬ | કપાસ | ૧૦૨૦ | ૧૫૧૭ |
| ૧૭ | એરંડા | ૧૦૩૬ | ૧૦૮૪ |
| ૧૮ | જીરૂ | ૨૮૬૦ | ૪૩૫૦ |
| ૧૯ | રાયડો | ૭૪૦ | ૯૫૫ |
| ૨૦ | રાય | ૮૦૦ | ૧૦૫૫ |
| ૨૧ | ઈસબગુલ | ૨૦૪૦ | ૨૦૪૦ |
| ૨૨ | ધાણા | ૧૧૧૫ | ૧૬૧૫ |
| ૨૩ | ધાણી | ૧૧૯૦ | ૧૯૬૦ |
| ૨૪ | અજમા | ૧૮૧૦ | ૨૩૫૦ |
| ૨૫ | મેથી | ૭૩૦ | ૧૦૬૦ |
| ૨૬ | સોયાબીન | ૮૦૦ | ૮૬૧ |
| ૨૭ | મરચા લાંબા | ૬૬૦ | ૩૦૦૦ |
| ૨૮ | વરીયાળી | ૧૯૦૦ | ૧૯૦૦ |

## અમરેલી જિલ્લા પંચાયત કચેરી ખાતે લોકસભા ચૂંટણીનાં ઉમેદવારો ૨૪ અને ૩૦ એપ્રિલ અને ૪ મે નાં રોજ ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ કરશે

અમરેલી, તા. ૨૪

લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અન્વયે ૧૪–અમરેલી લોકસભા મતદાર વિભાગના ઉમેદવારને તેમના લોકપ્રતિનિધિત્વ અધિનિયમ–૧૯૫ની કલમ–૭૭ મુજબ ચૂંટણી લડતા દરેક ઉમેદવારને તેનું નામાંકન થયા તારીખથી તેનું પરિણામ જાહેર થાય તે તારીખ, બંન્ને તારીખો સહિત વચ્ચે ઉમેદવારના ચૂંટણી એજન્ટ દ્વારા ચૂંટણીના સંદર્ભમાં કરેલા ચૂંટણી ખર્ચ નિરિક્ષકના પરામર્શ મુજબની તપાસણી માટે સમય નિયત કરવામાં આવ્યો છે. આ કામગીરી માટે નિયત કરવામાં આવેલ તારીખ અને સમયે સ્થળ પર ઉપસ્થિત રહેવું. નિયત સમય કામગીરી માટે નિયત કરવામાં આવેલ તારીખ અને સમયે સ્થળ પર ઉપસ્થિત રહેવું. નિયત સમય પત્રક મુજબ ઉમેદવારે રુબરુ અથવા પોતાના ચૂંટણી એજન્ટ અથવા ઉમેદવાર દ્વારા અધિકૃત કરવામાં આવ્યા હોય તેવા કોઈ વ્યકિત મારફત ઉમેદવારના ચૂંટણી ખર્ચ રજિસ્ટર, ચૂંટણી ખર્ચના ક્રમસર ગોઠવવામાં આવેલ વાઉચર સહિતના દસ્તાવેજો અને વિગતો સાથે ઉપસ્થિત રહેવું.

ભારતના ચૂંટણીપંચ દ્વારા નિયુકત કરવામાં આવેલા ખર્ચ નિરીક્ષક કે અધિકૃત અધિકારીને ચૂંટણીખર્ચને લગતી આ બાબતો રજૂ કરવાની રહે છે. આથી ઉમેદવારઓને ચૂંટણી ખર્ચના રોજેરોજના હિસાબોની તપાસણી માટે ચૂંટણી ખર્ચ રજિસ્ટર, ક્રમસર ગોઠવેલા વાઉચર સહિતના દસ્તાવેજો અને વિગતો સાથે તા. ૨૪ એપ્રિલ, ૨૪, તા. ૩૦ એપ્રિલ, ૨૪ અને તા. ૪ મે, ૨૪ના રોજ સવારે ૧૧ વાગ્યે અમરેલી જિલ્લા પંચાયત કચેરીના વિડીયો કોન્ફરન્સ હોલ ખાતે ઉપસ્થિત રહેવું, તેમ ૧૪–અમરેલી લોકસભા મતદાર વિભાગ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૮૦ | ૧૨૦૮ |
| ૨ | શીંગ મોટી | ૮૭૭ | ૧૨૫૮ |
| ૩ | તલ સફેદ | ૨૩૧૦ | ૨૭૫૦ |
| ૪ | તલ કાળા | ૨૫૬૧ | ૩૦૩૦ |
| ૫ | જીરૂ | ૩૭૦૧ | ૪૩૦૪ |
| ૬ | કપાસ | ૧૩૫૧ | ૧૫૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૩ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૮૦૦ |
| ૧૧ | મગ | – | ૨૧૦૦ |
| ૧૨ | ચણા | ૧૧૫૦ | ૧૨૩૫ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૩૬૧ |
| ૧૪ | તુવેર | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ૧૫ | એરંડી | ૧૦૫૦ | ૧૧૦૩ |
| ૧૬ | મેથી | ૮૦૦ | ૯૦૦ |
| ૧૭ | ધાણા | ૧૧૫૧ | ૧૪૦૧ |
| ૧૮ | ચોળી | – | ૨૦૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં ધરાઈ ગામનાં**

સરપંચ પુજાબેન મીતેષભાઈ જોષી તથા તેમના પતિ મીતેષભાઈ જનકભાઈ જોષીએ એકબીજાએ સમાન ઈરાદાથી મદદગારી કરી સરકાર હસ્તકની (૧) ઈલેકટ્રીક મોટર (૨) લાકડાનો કબાટ (૩) પતરાનો કબાટ (૪) થ્રી ફૈઝ સબ પંપસેટ (વરૂણ કંપની) તથા કેબલ ડંડો (પાઈપ) વિગેરે વસ્તુઓ તેમના અંગત ઈરાદા માટે પંચાયત કચેરીથી લઈ જઈ પરત ન કરી વિશ્વાસઘાત કરેલ છે. તેમ ફરિયાદમાં જણાવતા પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી લોકસભા વિસ્તારનાં મતદારોમાં**

મતદારોમાં તમામ રાજકીય આગેવાનો પાસેથી હવે કોઈ અપેક્ષા ન હોવાથી ચૂંટણીને લઈને ઉત્સાહની કમી જોવા મળે છે.

જો કે લોકશાહી શાસન વ્યવસ્થામાં મતદાનની ટકાવારી ૭૫ થી ૮૦ ટકા થવી જોઈએ અને મતદારોએ નિરાશ થવાને બદલે જે કોઈ ઉમેદવાર હોય તેની તમામ વિગતો જાણીને ગમે તે એકની પસંદગી કરવી જોઈએ. કારણ કે મતદાન ન કરવાથી સમસ્યાનું નિરાકરણ થવાનું નથી વિકાસ માટે મતદાન કરવું અત્યંત જરૂર છે. કારણ કે નિરાશાનો માહોલ યોગ્ય નથી આશાથી જીવન છે અને મતદારોએ નિરાશા ખંખેરીને અચુક મતદાન કરવું જોઈએ. જિલ્લાનું વહીવટીતંત્ર પણ મતદાન જાગૃત્તિ અર્થે સારી એવી કસરત કરી રહ્યું હોય મતદારોએ ઉત્સાહભેર મતદાન કરવું અત્યંત જરૂરી છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૭૯ |
| ૨ | ચણા | ૧૦૫૦ | ૧૧૫૮ |
| ૩ | ધાણી | ૧૦૦૦ | ૨૨૨૫ |
| ૪ | ધાણા | ૮૦૦ | ૧૪૫૦ |
| ૫ | ઘઉં લોકવન | ૩૭૨ | ૪૯૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૦૪ |
| ૭ | ડુંગળી | ૧૫૨ | ૧૫૨ |
| ૮ | મગફળી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૩૭૨ |
| ૧૦ | મેથી | ૮૨૫ | ૯૩૨ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૨૪૦ |
| ૧૨ | ચણા સફેદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | લસણ | ૧૫૯૫ | ૧૫૯૫ |
| ૧૪ | તુવેર | ૧૩૦૦ | ૧૩૪૦ |
| ૧૫ | જીરૂ | ૩૩૦૦ | ૩૯૦૦ |
| ૧૬ | જુવાર | ૪૦૦ | ૬૪૦ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૮૭૨ |
| ૧૮ | રાયડો | ૮૦૦ | ૮૪૨ |
| ૧૯ | અડદ | ૧૨૧૫ | ૧૨૬૫ |
| ૨૦ | મકાઈ | ૫૦૦ | ૫૨૦ |
| ૨૧ | રાઈ | ૯૪૦ | ૧૦૯૫ |
| ૨૨ | એરંડી | ૮૦૦ | ૧૦૪૦ |
| ૨૩ | શીંગ ફાડા | ૧૩૦૦ | ૧૩૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૫ | ૧૪૭૫ |
| ૨ | ચણા | ૧૧૫૦ | ૧૨૦૧ |
| ૩ | જુવાર સફેદ | ૪૨૫ | ૬૦૧ |
| ૪ | એરંડા | ૧૦૬૫ | ૧૦૭૫ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૪૮૦ |
| ૬ | જીરૂ | ૨૮૦૦ | ૪૨૫૦ |
| ૭ | મેથી | ૬૫૦ | ૬૫૦ |
| ૮ | તુવેર | ૧૬૫૧ | ૧૬૫૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૯ | ૧૫૦૧ |
| ૨ | ઘઉં | ૪૬૮ | ૫૬૦ |
| ૩ | ચણા | ૧૧૫૯ | ૧૨૧૧ |
| ૪ | જીરૂ | ૩૯૬૫ | ૪૨૨૫ |
| ૫ | ધાણા | ૧૩૪૫ | ૧૬૭૫ |
| ૬ | મેથી | ૯૫૬ | ૯૯૪ |
| ૭ | એરંડા | ૧૦૧૬ | ૧૦૫૪ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૫૦ | ૧૧૭૫ |
| ૨ | તલ સફેદ | ૨૬૨૬ | ૨૭૦૦ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૫૧૩ |
| ૪ | બાજરો | ૪૪૦ | ૫૩૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૧૭ |
| ૬ | જુવાર | ૪૪૦ | ૮૭૧ |
| ૭ | મકાઈ | ૪૫૧ | ૪૮૧ |
| ૮ | મગ | ૨૦૫૧ | ૨૦૫૧ |
| ૯ | તુવેર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૧૦ | ચણા | ૯૮૧ | ૧૨૦૦ |
| ૧૧ | જીરૂ | ૪૩૦૧ | ૪૫૫૦ |
| ૧૨ | વરીયાળી | ૨૮૦૧ | ૨૮૦૧ |
| ૧૩ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૫૩ | ૮૭૨ |
| ૧૫ | ધાણા | ૧૧૦૦ | ૧૨૫૧ |

# અમરેલી : સિનિયર સિટીઝન્સ સોસાયટી દ્વારા આરોગ્ય અને યોગ અંગે માર્ગદર્શન અપાયું






સિનિયર સિટીઝન સોસાયટી છેલ્લા ૧૮ વર્ષથી ચાલતું આ મંડળ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરે છે. આ માસમાં મંડળની બેઠક મળેલ. જેનો પ્રાર્થનાથી પ્રારંભ થયો. પ્રમુખ રવજીભાઈ કાચાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વડિલોને આવકાર આપ્યો. જગદીશભાઈના પિતા ગુણવંતદાદા સ્વર્ગસ્થ થતાં તેમને શ્રધ્ધાંજલી આપવામાં આવી. જગદીશભાઈ એ રૂા.૫૦૦૦ નું દાન પિતાના સ્મરણાર્થે આપ્યું. મંડળે આભાર વ્યકત કર્યો. કોકીલાબેને ગરબો રજુ કર્યો. પધારેલ મહેમાન શહેરના નામાંકિત ડો. નિતિનભાઈ ત્રિવેદીનું શાલથી ડી.જી. મહેતા તથા પૂષ્પગૂચ્છથી રવજીભાઈ કાચાએ સન્માન કર્યુ. તેમજ શાસ્ત્રી ચંદ્રેશભાઈ જોષીને નારાયણ રત્ન એવોર્ડ મળતા તેમનું પણ મનુભાઈએ શાલથી અને અમીતાબેન દવારા પૂષ્પગૂચ્છ થી સન્માન કરવામાં આવ્યું. રવજીભાઈ કાચા ઉતરાંચલ યાત્રાએ જતા હોય પૂષ્પગૂચ્છ થી મંડળ દવારા શુભેચ્છા પાઠવવામાં આવી. ચાલુ માસના જન્મદિન હેપી બર્થડે દવારા શુભેચ્છા અને લગ્ન દિનની બહેનોએ લગ્ન ગીત ગાઈને શુભેચ્છા આપી. ડો. નિતિનભાઈ ત્રિવેદી વડીલોને યોગ અને આરોગ્ય અંગે સરસ રીતે માર્ગદર્શન આપ્યું. શાસ્ત્રી ચંદ્રેશભાઈ જોષીએ વડીલોની સંભાળ ખૂબ જરૂરી છે તે વિષે મંતવ્ય આપ્યું. સંચાલન તરૂલતાબેન દવારા સરસ રહયું. ટોમભાઈ આભારવિધી અને આજના ભોજન દાતા ડો. ત્રિવેદીના પિતા રજનીભાઈ ત્રિવેદી હોય, જેરામભાઈએ પૂષ્પગૂચ્છથી તેમનું અભિવાદન કર્યુ. રાષ્ટ્રગીત બાદ કાર્યક્રમ પૂર્ણ થયાનું કનુભાઈ જોષીની યાદીમાં જણાવેલ છે.

# લાઠી પંથકમાં કોંગ્રેસના ઉમેદવાર જેની ઠુંમરને સાસંદ બનાવવાનો ઉત્સાહ



અમરેલી સંસદીય મત વિસ્તાર અમરેલી જિલ્લો અને મહુવા – ગારીયાધાર વિસ્તારમાં કોંગ્રેસના શિક્ષત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરે આજે લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે હતા. લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકોના આશિર્વાદ મેળવતા જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતુ લાઠી તાલુકો કૃષિ અને હિરા ઉદ્યોગ પર રોજગારી મેળવતા તાલુકો છે. ત્યારે આ વિસ્તારમાં કૃષિ સમૃધ્ધ થાય તે માટે ખેડૂતોને કેનાલો બનાવી અને સિંચાઈ માટે પાણી મળી તેવી અમારી સરકાર પાસે માંગણી છે. આ વિસ્તારમાં ખેડૂતોને કપાસ, મગફળી સહિતની ઉપજના પુરતા ભાવ મળતા નથી સામા પક્ષે ખેતી ખૂબ મોંઘી થઈ છે. ત્યારે ખેડૂતોની હાલત કફોડી છે. હિરા ઉદ્યોગમાં કાચામાલની અછતના કારણે વ્યાપક મંદી છે. ત્યારે રત્ન કલાકારોની હાલત કફોડી બની છે. અનેક રત્ન કલાકારો બે રોજગાર બન્યા છે. ત્યારે સરકાર રત્ન કલાકાર નિગમ બનાવી અને રત્ન કલાકારોનું ઉજજવળ ભવિષ્ય વિચારે એવી અમારી માંગણી છે. આ વિસ્તારમાં સારી શૈક્ષણિક સંસ્થાઓનું નિર્માણ થાય તેવી અમારી માંગણી છે. બહેનોને વધુમાં વધુ ગૃહ ઉદ્યોગ મારફત કામ મળે તો આ વિસ્તારની બહેનો ઘરે બેઠા પરિવારને મદદ રૂપ થઈ શકે. આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા કાર્યકરો અને મતદારોને એક થઈ અને કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને વિજય બનાવવા અપીલ હતી. જેનીબેન ઠુમ્મર સાથે જન આશિર્વાદ પ્રવાસમાં જિલ્લા કોગ્રેસ પ્રમુખ પ્રતપા દુધાત આમ આદમી પાર્ટીના કાર્યકરો અને આગેવાનો સાથે કોંગ્રેસના આગેવાનો જોડાયા હતા. આ તકે ઉપસથિત કોંગ્રેસી આગેવાનોએ કોંગ્રેસની મહત્વ પૂર્ણ જાહેરાત કરી હતી જેમાં વધુમાં જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતુ કે આ ઉપરાંત કેન્દ્રમાં ઈન્ડીયા ગઠબંધનની સરકાર આવશે તો રાહુલ ગાંધીજીએ નીચે મુજબની લોક ઉપયોગી યોજનાઓ લાગુ થાશે જેમાં જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકાર ના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે. તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. ૨૫ વર્ષ ઓછી ઉમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા.૧ લાખ આપવામાં અવશે, અને અગ્નિ પથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે. તે પુન : જુની પધ્ધતી મુજબ કરવામાં આવે છે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, ખેડૂતો : ખેડૂતો માટે જણસના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ. એસ. પી. ની કાનુંની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતોનું બિયારણ, દવા અને ખેતીના સંસાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, બહેનો માટે : ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂ.૧ લાખ,અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, મજુરો માટે :–મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા.૪૦૦ સુધી રોજી કરવામાં આવશે.,જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવા વાળા લોકોને સામાજિક સુરક્ષા આપવામાં આવશે. અને રૂા.૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે.ન્યાય : આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે. જલ – જંગલ – જમીનનો કાનૂની હક વન અધિકાર વાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે. આદિવાસી બહુમતિ વાળા વિસ્તારોમાં અધસિુચિત થાશે. આ તકે જેનીબેન ઠુમ્મર સાથે પ્રવાસમાં પૂર્વ સાંસદ વીરજીભાઈ ઠુમ્મર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલીયા, જીતુભાઈ અડતાળા વાળા, આંબાભાઈ કાકડીયા, ક્રિષ્નાબેન બાબરવા મહિલા કોંગ્રેસ પ્રમુખ મોરબી કિરણબેન પોકર પ્રદેશ મહિલા કોંગ્રેસ અગ્રણી રાજકોટ અમૃતાબેન દાસ ગુપ્તા કચ્છ મહિલા કોંગ્રેસ કાંતિભાઈ કાંતિભાઈ બાવરવા કોંગ્રેસ મહેન્દ્રભાઈ વાળા સરપંચ હર્ષદપુર દેવળીયા રાજુભાઈ દેવાણી સદસ્ય તાલુકા પંચાયત પલસાણા પૂર્વ સરપંચ અગ્રણી મોરબી વજુભાઈ વામજા સરપંચ મતીરાળા કેરાળા ગામના અગ્રણીઓ પોપટભાઈ ગોરસીયા, કલ્પેશભાઈ લુખી, દીપકભાઈ ચાવડા, અશોકભાઈ સુતરીયા, ધીરૂભાઈ કાસેટીયા, પ્રવીણ જાગાણી, બાબુભાઈ ધાધલ શેખપીપરીયા, મનુભાઈ ગોરસીયા, ઈશ્વરભાઈ ધામેલ પરા, રાજુભાઈ ગોહિલ ભાલવાવ, વજુભાઈ વાઘેલા ધામેલ કરણસિંહ ગોહિલ ધામેલ, ખોડાભાઈ હજી રાધા, હર્ષદભાઈ મકવાણા હજીરાધાર, જશુભાઈ ખુમાણ, ઉદયભાઈ ખુમાણ કણકોટ, રફિકભાઈ મોગલ નરેશભાઈ અધિયાઢં સહિત આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના આગેવાનો વિશાળ સંખ્યામાં જોડાયા

### રાજયનાં આરોગ્ય વિભાગની સુચનાથી

## શેડુભાર : આરોગ્ય કેન્દ્ર નીચે આવતાં તમામ ગામોમાં મેલેરિયાનો સર્વેલન્સ કેમ્પ યોજાયો

### આરોગ્ય કર્મીઓએ ડોર ટુ ડોર ફરીને કરી કામગીરી

અમરેલી, તા. ૨૪

ગુજરાત સરકાર દ્વારા તારીખ ૨૫/૦૪/૨૦૨૪ ના રોજ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી નિમિતે પ્રા.આ.કેન્દ્ર શેડુંભારની નીચે આવતા દરેક ગામોમાં મેલેરિયા ડેન્ગ્યું અને ચીકનગુનિયા રોગ અટકાયત માટે આરોગ્ય કર્મચારીઓ મારફત ટીમ દ્વારા ઘરે ઘરે ફરીને વાહકજન્ય રોગ અટકાયત કામગીરી તા. ૨૦/૦૪/ ૨૦૨૪ થી તા. ૩૦/૦૪/૨૦૨૪ સુધી કરવામાં આવશે. જેમાં આરોગ્યની ટીમ મારફત દરેક ઘરોની મુલાકાત લઈ અને ખુલ્લા પાણી ભરેલા દરેક પાત્રોમાં એબેટના દ્રાવણ મારફત સારવાર કરવામાં આવશે તેમજ કાયમી પાણી ભરાયેલ પાત્રોમાં ગપ્પી ફિશ મુકવાની કામગીરી કરવામાં આવશે. તેમજ ગંદા પાણીમાં બળેલા ઓઈલ મારફત ગંદા ખાડાઓની સારવાર કરવામાં



આવશે. તેમજ સર્વેલન્સ દરમ્યાન દરેક તાવના દર્દીની લોહીની તપાસ પણ કરવામાં આવશે. આ ઓફીસર તથા પ્રા.આ. કેન્દ્રના મેડીકલ ઓફિસરની પ્રિયાંક ધોળ સ્કયા તેમજ આયુષ મેડીકલ ઓફિસર બોરીયા સાહેબના પ્રયત્ન થી ગુજરાત સરકાર દ્વારા મેલેરિયા નાબુદી અભિયાનને સફળ બનાવવામાં આવશે. ઉપકરોત કેમ્પમાં કેમ્પને સફળ બનાવવા ગામના ફી.હે.વ. અનુ આશા બેહેનો મારફત કામગીરી કરવામાં આવી રહી છે.

## મેલેરીયાથી બચવા માટે આરોગ્ય વિભાગે જરૂરી માહિતી જાહેર કરી

અમરેલી, તા. ૨૪

૨૫ એપ્રિલને વિશ્વ મેલેરીયા દિવસ' તરીકે ઉજવવાનું વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નકકી કરેલ છે. આ વર્ષે વિશ્વ મેલેરીયા દિવસની થીમ 'વધુ સમાન વિશ્વ માટે મેલેરીયા સામેની લડાઈને વધુ વેગ આપીએ છે. મેલેરીયા મુકત ગુજરાત અભિયાન અંતર્ગત, મેલેરીયા નાબુદી માટે લોકોમાં જન જાગૃતિ આવે તે ખુબજ જરૂરી છે. મેલેરીયાએ માદા એનોફલીસ મચ્છરથી ફેલાતો રોગ છે. આથી જો મચ્છર ઉત્પતિ અટકાવવામાં લોકોનો સહકાર મળે તો ઝડપી મેલેરીયા મુકત ગુજરાત થઈ શકે.મચ્છર ચોખ્ખા પાણીમાં ઈંડા મુકતા હોવાથી, ઘરની અંદર તથા આજુ–બાજુ પાણીનો ભરાવો ન થાય, ફુલદાની,કુલર,સીમેંન્ટના ટાંકાઓ, પાણીની કોઠીઓ, ટીપડાઓ વિગેરેનું પાણી દર અઠવાડીયે ખાલી કરી ઘસીને સાફ કરી તડકે સુકવીને નવુ પાણી ભરવું,તમામ પાણીના સ્ત્રોતો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવા જોઈએ, કાયમી પાણીથી ભરાઈ રહેતા સ્થળોએ પોરાનાશક માછલી(ગપ્પી) મુકવી જોઈએ, તુટેલા માટલાઓ,ખાલી શીશીઓ, ડબલા,જુના ટાયરો, નાળયેરીની કાચલીઓનો નાશ કરવો કારણકે પાણી તેમાં ભરાવાથી ત્યાં પણ મચ્છર ઉત્પતિ થાય છે.મચ્છરદાનીમાં સુવાની ટેવ પાડવી, મચ્છર અગરબતી કે રીપેલેન્ટનો ઉપયોગ કરો, વહેલી સવાર અને સંપ્રયા સમયે તમારા મકાનોના બારી બારણાં બંધ રાખવા અને કડવાલીમડા નો ધુમાડો કરવો, શરીર પુરતું ઢંકાય તેવા કપડા પહેરવા.ચાલો સે સાથે મળીને આપણી ટેવોને બદલી મેલેરીયા મુકત ગુજરાત બનાવીએ.

### જાહેર નોટિસ

**:// સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી //:**

અપીલ રજી.નં.૭૦/૨૦૨૪

અરજદાર : શ્રી નાનબાઈબેન બાબુભાઈ જરગલિયા
રહે. સાજીયાવદર તા. જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી,
– વ –
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સાજીયાવદર તા. જિ. અમરેલી.

**// સાહેદ સમન્સ //**

આ કામના સામાવાળાને આ સાહેબ સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર તેઓનો પુત્ર **કાળુભાઈ બાબુભાઈ જરગલિયા**ની જન્મ નોંધ માટે અત્રેની કોર્ટમાં જન્મ–મરણ અધિનિયમની – ૧૯૬૯ ની કલમ–૧૩ ની પેટા કલમ – ૩ હેઠળ અરજી દાખલ કરેલ. જે કામથી તેઓને સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, જન્મ–મરણ રજીસ્ટરમાં તેમનું નામ છે કે નહી તે ખાત્રી કરવા અસલ રજીસ્ટર તથા જવાબ સાથે મુદતે **તા.૨૮/૦૫/૨૦૨૪** ના રોજ સવારનાં **૧૧:૦૦ કલાકે** હાજર રહેશો. આ ઉપરથી તમોને જાણ કરવામાં આવે છે કે, જો વ્યાજબી કારણ વગર સદરહું વખતે અને મુકામે હાજર થવાની ગફલત કરશો અથવા તેમ કરવાની ના કહેશો તો તમને હાજર થવાની ફરજ પાડવા સારૂ વોરંટ કાઢવામાં આવશે.

આજ **તારીખ ૨૪/૦૪/૨૦૨૪ ના રોજ** મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

### મોટી સંખ્યામાં હનુમાન ભકતોની ઉપસ્થિતિમાં

## દ્રોણેશ્વર નજીક આવેલ મારૂતીધામ કષ્ટભંજન મંદિરે હનુમાન જયંતીની ઉજવણી

### મંગળા આરતી, યજ્ઞ, પુષ્પ વૃષ્ટિ કરવામાં આવી

ઉના, તા. ૨૪

ગીર ગઢડાના દ્રોણેશ્વર ખાતે નદી ઉપર આવેલ ડેમના કિનારે બિરાજમાન માઢતધામ કષ્ટભંજન દેવ મંદિર ખાતે હનુમાન જન્મોત્સવની ઉજવણી ખૂબ ધામધૂમથી કરવામાંઆવી.



હનુમાનજી મહારાજનો પ્રાગટ્ય દિવસ નિમિતે એસ.જી. વી.પી. વડતાલ ટ્રસ્ટ સ્થાપક આ માઢતિધામ ખાતે ગીર ગઢડા અને ઉના તાલુકાના ભાવિભક્તો આજે દર્શન અર્થે આવી ભવ્યતા અનુભવી.ભક્તોએ કષ્ટભંજન હનુમાનજીના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી. આજના મંગળ દિવસે કષ્ટભંજનદેવની સવારે મંગળા આરતી અને ત્યાર બાદ યજ્ઞનું આયોજન કરવામાં આવેલું. મારૂતિધામ ખાતે કષ્ટભંજન દેવને ૩૫૦ કિલોના ફળનો ભોગ ધરવામાં આવ્યો સાંજે સમૂહ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે અને ૧૦૦ કિલો ફૂલોની પુષ્પ વૃષ્ટિ કરવામાં આવી. આજ રોજ હનુમાનજી પ્રાગટ્ય દિવસ એ જ યોગ છે અને અને એ જ દિવસ અને વાર છે. તેથી આજના દિવસનો અનેરો મહિમા છે. અહી આજ રોજ આશરે ૩૦૦૦ લોકોએ દર્શન કરીને પ્રસાદ લીધેલ.હરી પ્રસાદ સ્વામી –( દ્રોણેશ્વર માઢતિ ધામ ) દ્વારા વધુમાં જણાવ્યું હતુ કે આજનો આ દિવસ ચૈત્ર સુધી પૂર્ણિમા અને યોગાનુયોગ મંગળ વાર આજે જયારે હનુમાનજી મહારાજનું પ્રાગટ્ય થયું ત્યારે જે નક્ષત્ર હતું જે યોગ હતો જે વાર હતો એ જ યોગ થાય છે આજે વજ્ર નામનો યોગ થાય છે આજે મંગળ વાર આજે પૂર્ણિમા છે તો હનુમાનજી મહારાજની કૃપા ગણાય છે ભગવાનની કૃપા દ્રષ્ટિ બની રહે બધા પર એવી આજે હું હનુમાનજી મહારાજ ને લોકો વતી પ્રાર્થના કઢં છું ખાસ કરીને આજે જોઈએ તો એસજીવીપી ગુઢકુળ દ્રોણેશ્વર માઢતિ ધામમાં બિરાજમાન કષ્ટ ભંજન દેવને આજે સાડા ત્રણસો કિલોના ફળ ધરવામાં આવ્યા જેને ફળકુટ કહેવામાં આવે છે એવી જ રીતે અહી ગુઢકુળ પરિસરમાં માઢતિ યજ્ઞ પણ કરવામાં આવ્યો અને સર્વ લોકો માટે પ્રાર્થના કરવામાં આવી સર્વોનું મંગળ થાય અહી આજે અંદાજિત ત્રણ હજાર જેટલા ભક્તો પધાર્યા હતા જે પૂજય બાલકૃષ્ણ દાસજી સ્વામી જ઼ટ઼ઙ ગુઢકુળના માર્ગદર્શક છે જેની ઉપસ્થિતિમાં સભાનું આયોજન કરાયું હતુ આ સત્સંગ સભા થઈ ગયા બાદ સભાના અંતે સર્વે ભક્તોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતુ આ સંસ્થાના અધ્યક્ષ એટલે પૂજય ગુઢ માધવપ્રિયદાસજી સ્વામી એમનો હંમેશા એક વિચાર હોય છે કે દેવને એટલે ભગવાન ને આપણે જે ફળ કુટ ધરાવીએ છીએ એ માત્ર પ્રસાદી રૂપે નહી પણ નાનામાં નાનો માણસ જે ગરીબ છે બીમાર છે એવા લોકોને આ પ્રસાદ પહોંચે અને એમને મદદ થાય એટલે આ દેવનો પ્રસાદ છે એ નાનામાં નાના માણસ સુધી પહોંચાડવામાં આવે છે આ ગુઢકુળમાં અનેક કાર્યક્રમ થાય છે અને જે કાર્યક્રમ બાદ એને સેવા રૂપી પ્રવાહમાં વેળવા માં આવે છે આ ગુઢકુળમાં માત્ર શૈક્ષણિક કાર્ય થાય છે એવું નથી શૈક્ષણિક કાર્ય ની સાથે ધાર્મિક કાર્ય અનેકવિધ સેવાઓ પણ થાય છે એવી જ રીતે આજનો આ દિવસ અહીં મનાવવામાં આવ્યો અને ખાસ કરીને સાંજે સમૂહ મહા આરતી થશે અને ૧૦૦ કિલો પુષ્પો થી હનુમાનજી મહારાજ ની આરતી થશે જેમાં દરેક હરિભક્તો લાભ લેશે.

# સાવરકુંડલા ખાતે મતદાન જાગૃતિનાં સંદેશ માટે કબડ્ડી ટુર્નામેન્ટ યોજાઈ



અમરેલી તા.૨૦ એપ્રિલ, ૨૦૨૪ (શનિવાર) લોકસભા સામાન્ય ચૂંટણી–૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લામાં વધુમાં વધુ માત્રામાં મતદાન થાય તેના માટે ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અંતર્ગત વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. મતદાતા જાગૃત્તિ કાર્યક્રમ અન્વયે સાવરકુંડલા ખાતે કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા નગરમાંથી પસાર થતી નાવલી નદીના મેદાન ખાતે મતદાતા જાગૃત્તિ કાર્યક્રમ અન્વયે કબડ્ડી ટુર્નામેન્ટ સંપન્ન થઈ હતી. આ કબડ્ડી ટુર્નામેન્ટમાં ભાગ લેનારા ખેલાડીઓએ મતદાન જાગૃત્તિનો સંદેશ પ્રસરાવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) અને ખર્ચ નોડલ તેમજ અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ કહ્યુ કે જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોને મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે જેના માપ્રયમથી મતદાન જાગૃત્તિ સંદેશ પ્રસરાવવામાં આવી રહ્યો છે. આગામી તા.૭ મે, ૨૦૨૪ ને મંગળવારના રોજ મતદાન થશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય નાગરિકો પોતે મતદાન કરે અને તે દરેક વ્યક્તિ પોતાના કુટુંબના સભ્યોને મતદાન કરવા પ્રેરણા આપે તેમજ પોતાના આસપાસના નાગરિકોને પણ મતદાન કરવા માટે અનુરોધ કરે. કબડ્ડી ટુર્નામેન્ટમાં સાવરકુંડલા હોમગાર્ડ, સાવરકુંડલા કોલેજ, સાવરકુંડલા શહેર અને વિવિધ શિક્ષકોની ટીમ વચ્ચે ૦૩ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટના પ્રારંભે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, મદદનીશ ચૂંટણી અધિકારી અને સાવરકુંડલા લીલીયા પ્રાંત અધિકારી ભાલાળા, ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (ટીપ) સહ નોડલ અધિકાર અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી કોટક, સાવરકુંડલા તાલુકા વિકાસ અધિકારી સહિત જિલ્લા અને તાલુકા ચૂંટણી તંત્રના અધિકારીઓએ સિગ્નેચર કેમ્પેઈનમાં હસ્તાક્ષર કરી અને મતદાન જાગૃત્તિનો સંદેશ આપ્યો હતો.જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓ, કાર્યક્રમમાં વિવિધ ટીમના ખેલાડીઓ અને સાવરકુંડલાના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાવટી ઘી, દૂધ, તબીબ, સરકારી કચેરીઓ, અધિકારીઓનાં માહોલ વચ્ચે

# લ્યો બોલો : બાબરા પંથકમાં બનાવટી તંબાકુ, બીડી, સિગારેટનાં વેચાણની ચર્ચા

**જવાબદાર વિભાગની નિષ્ક્રીયતા અને નિષ્ફળતાનાં કારણે બનાવટખોરોને જનઆરોગ્યની કોઈ ચિંતા જ નથી**

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા સહિત રાજયભરમાંથી અવારનવાર બનાવટી તબીબ, દૂધ, ઘી, માવો, સરકારી કચેરીઓ અને સરકારી અધિકારીઓ ઝડપાઈ રહ્યા છે. તેવા સમયે બાબરા પંથકમાં બનાવટી તંબાકુ, બીડી અને સિગારેટનું વેચાણ થતું હોવાની ચર્ચાએ

**શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં બનાવટી તંબાકુનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવાની ચર્ચાઓ**

જોર પકડેલ હોય જવાબદાર વિભાગ ધ્વારા તપાસ થાય તેવું વ્યસનીઓ ઈચ્છી રહ્યા છે.

એક તરફ તંબાકુ, બીડી, સિગારેટનું સેવન કરવું એ આરોગ્ય માટે હાનીકારક છે. કારણ કે તેમના સેવનથી કેન્સર જેવી જીવલેણ બીમારી થવાની સંભાવના વધી જતી હોય છે અને હવે

**બનાવટી બીડીની જુડીમાં અનેક બીડીઓ પીવાલાયક ન હોવાનું વ્યસનીઓ ચર્ચા કરે છે**

તેમાં પણ બનાવટનું દુષણ ચર્ચામાં આવેલ છે.

બાબરા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ પાન-બીડીની દુકાનોમાં વેચાણ થતી તંબાકુનાં વિવિધ ઉત્પાદનોમાં હલ્કી ગુણવત્તાની તંબાકુનો ઉપયોગ થતો હોય છે અને અમુક કિસ્સામાં નાની કંપનીઓનાં નામે

**લાગતા-વળગતા સરકારી વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે તે જરૂરી**

બનાવટી બીડી, તંબાકુ અને સિગારેટનું વેચાણ થઈ રહ્યું હોય વ્યસનીઓ આરોગ્યને જોખમમાં મુકીને તંબાકુ ઉત્પાદનનું સેવન કરતા હોય અને તેમાં પણ બનાવટ થતાં વ્યસનીઓની ચિંતા વધી છે. તેવા સમયે જવાબદાર વિભાગનાં અધિકારીઓ તટસ્થ તપાસ કરે તેવી માંગ ઉભી થઈ છે.

## વર્તમાન મહિલા સરપંચે બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

# બાબરાનાં ધરાઈ ગામનાં પૂર્વ મહિલા સરપંચ અને તેના પતિ સામે ગામ પંચાયતનો સરસામાન લઈ ગયાની ફરિયાદ

**પૂર્વ મહિલા સરપંચે વર્ષ ૧૭ થી ૨૨ નાં કાર્યકાળમાં વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાઈ**



અમરેલી, તા. ૨૪

બાબરાનાં ધરાઈ ગામનાં પૂર્વ મહિલા સરપંચ અને તેમના પતિએ ગ્રામ પંચાયતમાં રહેલ વિવિધ સાધનો નિયમ વિરૂધ્ધ લઈ ગયાની ફરિયાદ વર્તમાન મહિલા સરપંચે બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં ચકચાર મચી છે.

વિગત એવા પ્રકરની છે કે, ધરાઈનાં વર્તમાન સરપંચ નયનાબેન પરેશભાઈ કાપડીયાએ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ધરાઈ ગ્રામ પંચાયતમાં સને ૨૦૧૭થી સને ૨૦૨૨ નાં સમયગાળા દરમ્યાન કોઈપણ સમયે ધરાઈ ગામનાં

અનુસંધાન પાના ૬ ઉપર




## નાનપણથી દાદાનાં ઘરે રહેતી સાવરકુંડલાની તરૂણીએ કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલા ગામે શિવાજી ચોક, પોપટ બોઘાના નાકામાં રહેતી ખુશાલીબેન રાકેશભાઈ મસરાણી નામની તરૂણી નાનપણથી જ તેના દાદાના ઘરે રહેતી હોય અને તેણી દાદાના ઘરે એકલી હોય તે દરમ્યાન કોઈ કારણસર પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.



















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)